Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ શ્રી ઉપમિતિભવપ્રપંચાકથાનું ભાષાંતર... 'મનોનંદન' ... ... ૧૫૩
૨ અમારી પૂર્વદેશની યાત્રા. મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ... ... ૧૫૬
૩ જૈન-આચાર ... ... શુદ્ધ આચાર ઇચ્છક... ... ૧૫૯
૪ કુરૂક્ષેત્રમાં ધર્મ બીજારોપણ. મુનિ શ્રી દર્શનવિ૦ મહારાજ ... ૧૬૧
૫ સદ્વિચાર સામર્થ્ય. ... ... વિ. મૂ. શાહ. ... ... ૧૬૪
૬ લાંબુ આયુષ્ય અને નિરોગી જીંદગી. પ્રભુદાસ બેચરદાસ પારેખ ... ૧૬૭
૭ દ્રવ્યગુણપર્યાય વિવરણ. શંકરભાઇ ડાહ્યાભાઇ કાપડીયા. ... ૧૬૯
૮ મુનિ સંમેલન સંબંધી કંઇક ... ... ... ... ... ૧૭૨
૯ વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૧૭૪
૧૦ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૧૭૬



જલદી મંગાવો. થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## "નવું પ્રકટ થતું જૈન સાહિત્ય."

૧ બૃહતકલ્પસૂત્ર—પ્રથમ ભાગ. ફોર્મ ૩૮ સવાત્રણશેંહ પાનામાં, એંકલેઝર ઉંચી જાતના પેપરો ઉપર. કિંમત ચાર રૂપીયા.

૨ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત—બત્રીશ ફોર્મ પોણાત્રણશેંહ પાના ( સૂપરરોયલ આઠ પેજી સાઇઝ ) ક્રોક્ષલીલેઝર કિંમતી કાગળો ઉપર બંને ગ્રંથો મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં શાસ્ત્રી સુંદર વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઈંડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત ટકાઉ કપડાથી તૈયાર કરાવવામાં આવેલ છે. કિંમત ત્રણ રૂપીયા. ( પોસ્ટેજ જુદું ). ( બે માસમાં તૈયાર થશે )

કૃપાળુ મુનિરાજો શ્રી ચતુરવિજયજી મહારાજ અને શ્રી પુણ્યવિજયજી મહારાજના સંશોધન વગેરે અથાગ પરિશ્રમના ફળરૂપે આવું ઉચ્ચ સાહિત્ય પ્રગટ થાય છે. વિશેષ પરિચય હવે પછી.

### ગુજરાતી ભાષાના ગ્રંથો.

શ્રી પ્રભાવકચરિત્ર. ( આધુનિક જૈન ઐતિહાસિક અપૂર્વ ગ્રંથ. ) જૈનશાળા, સ્કુલો, વિદ્યાલયોમાં શિક્ષણ ગ્રંથ તરીકે ચલાવવા યોગ્ય ઇતિહાસિક ગ્રંથ. ૨-૮-૦

શ્રી પેથડકુમાર ચરિત્ર. ( ,, ) .... .... .... ૧-૦-૦

શ્રી ધર્મ પરીક્ષા. .... ૧-૦-૦ શ્રી સુરસુંદરી ચરિત્ર.... છપાય છે.

શ્રી મહાવીરચરિત્ર. .... છપાય છે. શ્રી શ્રીપાળરાજાનો રાસ....

વિધિ-વિધાન, યંત્રો પૂજાઓ અને સચિત્રસહિત ,,


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

भावयेद्यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति ॥ प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियादिभिर्व्यक्तो मनःप्रहर्ष इति ॥ कारुण्यं क्लिश्यमानेषु । कारुण्यमनुकंपा दीनानुग्रह इत्यनर्थान्तरम् ॥ तन्मोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत् ॥ तथाहि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति ॥ माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् ॥

तत्त्वार्थभाष्य—सप्तम अध्याय.

पुस्तक ३१ } वीर सं. २४६०. माघ आत्म सं. ३८ { अंक ७ मो.

## મહાત્માશ્રી સિદ્ધર્ષિપ્રણીત ઉપમિતિ-ભવપ્રપંચાકથાનું સપદ્ય–ગદ્ય ભાષાંતર.

[ ગતાંક પૃષ્ઠ ૧૩૨ થી શરૂ ]

તલવર્ગિકો: સ્થવિરાઓ—

સ્વામી પ્રતિ જેઓ વત્સલ વર્ત્તે અતિ,
વળી જે વર્ત્તે ગાઢ પરાક્રમવંત જો;
એવા એવા પુષ્કળ [૧૬] તલવર્ગિકથી,
પરિપૂર્ણ છે મંદિર તે અત્યંત જો... અપૂર્વ ૧૪૯

૧૬ તળાટીઓ, તળપદી વહીવટદારો, કારકુનો (Clerical staff).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમત્ત વર્ત્તતા પ્રમદા લોકો તણા,
નિવારણમાં હોય પરાયણ[17] જેહ જો;
વિષયાસક્તિ જેની સાવ નિવૃત્ત[18] છે,
એવા [19]સ્થવિરાજનથી રાજે એહ જો... અપૂર્વ ૧૫૦

## સુભટો: વિલાસિનીઓ—

બહુ બહુ સુભટોકેરા સમુહો થકી,
સર્વ પાસથી પૂરણ તેહ તમામ જો;
વિલસંતા [20]વિલાસિનીઓના વૃંદથી,
જીત્યું તેણે સર્વથા જ સુરધામ[21] જો... અપૂર્વ ૧૫૧

## પંચ વિષયની સંપૂર્ણ સામગ્રી—

પ્રયોગજ્ઞાતા[22] કલકંઠી[23] ગાનારથી,
ગવાઇ રહેલા ઉત્તમ ગાયનવૃંદ જો;
વીણા ને વેણુ[24]ના સુરસાથે ભળી,
શ્રોત્રેંદ્રિયને આપે ત્યાં આનંદ જો . અપૂર્વ ૧૫૨

વિચિત્ર ચિત્રોના વિન્યાસોથી વળી,
ચિત્તતણા આકર્ષણકર જે સાર જો;
એવા સુંદર રૂપો અતિ સૌંદર્યથી,
ચક્ષુને નિશ્ચલ ત્યાં છે કરનાર જો... અપૂર્વ ૧૫૩

ચંદનના વૃંદો ને અગરૂના ગણો,
કર્પૂર પૂર ને [25]કશ્મીરજ મૃગનાભ[26] જો;
ઈત્યાદિ અત્યંત સુગંધી દ્રવ્યથી,
ઘ્રાણેંદ્રિયને આપે તે આહ્લાદ જો... અપૂર્વ ૧૫૪

કોમળ વસ્રો તેમ તળાઇ પ્રમુખ ને,
લલના જનના યોગથકી અત્યંત જો;
સ્પર્શવડે મુદિત કરે તે સર્વને,
તેહ સ્પર્શને યોગ્ય જ જે જનવૃંદ જો... અપૂર્વ ૧૫૫

---

૧૭ તત્પર. ૧૮ હઠી ગયેલ–દૂર થયેલ. જેનામાં વિષયાસક્તિ રહી નથી એવા. ૧૯ વૃદ્ધાઓ. ૨૦ સુંદરીઓ, રમણીઓ. ૨૧ દેવલોક–સ્વર્ગ. ૨૨ પ્રયોગના જાણનાર, ઉસ્તાદ. ૨૩ મધુર કંઠવાળા. ૨૪ વાંસળી. ૨૫ કેશર. ૨૬ કસ્તૂરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનનંદનના જે ઉત્પાદન કારણો,
રસનાને જે ઉત્સવરૂપી થાય જો;
એવા એવા ઉત્તમ ભોજનથી અહો!
સ્વસ્થ થયા ત્યાં સત્ત્વગણો સઘળાય જો... અપૂર્વ ૧૫૬

( ૫ )

## રાજમંદિરના પ્રથમ દર્શને રંકના અંતરોદ્ગારઃ-

દોહરા.

સૌ ઇંદ્રિય[૨૭]નિર્વાણનું, તત્ત્વથી જોઇ નિમિત્ત;
'આ શું?' એવું ચિંતવે, રંક તેહ વિસ્મત. ૧૫૭
જાણે નહિ ઉન્માદથી, તત્ત્વથી તાસ વિશેષ;
તોય ચેતના પ્રાપ્તના, હૃદયે સ્ફુર્યું લેશ. ૧૫૮

લલિત.

"સતત ઉત્સવો જ્યાં થઇ રહ્યા, ભુવન જેહ એવું ભળાય 'હ્યાં;
શુભ પ્રસાદથી દ્વારપાલના, અરરર! પૂર્વ તે મેં દીઠું જ ના. ૧૫૯
બહુયવાર હું અત્ર દ્વારમાં, ભટકતો ખરે! [૨૮]પ્રાપ્ત પૂર્વમાં;
ચરણ મૂકતાં વેંત કાઢતા, પરમ પાપિઆ દ્વારપાલકા. ૧૬૦
છઉં જ સત્ય 'નિષ્પુણ્ય' હું નકી, [૨૯]વિબુધનેય દુર્લભ્ય જે થકી;
ભુવન મેં દીઠું પૂર્વમાંય ના! દરશનાર્થ કીધો ઉપાય ના! ૧૬૧
વિહત જેહનું ચિત્ત મોહથી, પૂરવમાંહિ એવા મને કદિ;
ન થઈ કાંઇ જિજ્ઞાસ માત્ર રે! 'ભવન એહ કેવું હશે! ખરે!' ૧૬૨
કરી કૃપા અભાગીયની પરે, ભુવન ચિત્ત આહ્લાદકાર એ;
મુજ બતાવિયું જેહ આ નરે, પરમબંધુ તે માહરો ઠરે. ૧૬૩
પરમ ધન્ય છે લોક સર્વ આ! સકલ[૩૦] દ્વંદ્વવિહીન સર્વથા;
મનમહીં અતિ હૃષ્ટ જે થતા, સતત મંદિરે અત્ર મોદતા." ૧૬૪

દોહરા.

રંક ચેતનાપ્રાપ્ત તે, જ્યાં ચિંતે છે આમ;
તેવામાં ત્યાં જે બન્યું, તેહ સુણો દઇ કાન. ૧૬૫

(અપૂર્ણ)—'મનોનંદન'

---

૨૭. સંપૂર્ણ સંતોષ-સુખ, સંપૂર્ણ તૃપ્તિ. ૨૮ પહોંચ્યો હતો. ૨૯ દેવોને પણ દુર્લભ. ૩૦ હર્ષ-શોક, રાગ-દ્વેષ, સુખ-દુઃખ આદિ દ્વંદ્વ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૧૪૭ થી શરૂ )

પ્ર—શું તમે ઇશ્વર પણ માનો છો ?

જવાબ—હા, ઇશ્વરનું સ્વરૂપ અને તેનું જગત્કર્તૃત્વ ખંડન સમજાવ્યું. જગત્કર્તા માનવામાં કેટલી આપત્તિ–દોષો આવે છે તે બતાવ્યા. ત્યારપછી સ્યાદ્વાદ સમજાવ્યો नैकस्मिन्नसंभवात् સૂત્રની વ્યાખ્યામાં રહેલી ભૂલો સમજાવી. પછી કહ્યું તમને ખબર છે ? જૈનધર્મ સત્યધર્મ છે. યદિ સત્યનું ખંડન થઇ શકે તો જ સ્યાદ્વાદનું–જૈનધર્મના સિદ્ધાંતનું ખંડન થઇ શકે. પછી તો એ મૌન થઇ ગયા તેમણે કહ્યું કે–અમે સાંભળ્યું હતું કે જૈનો ઇશ્વર નથી માનતા. અમે કહ્યું–ઇશ્વરને ન માનતા હોત તો અહીં આવત જ શું કરવા ? ઇશ્વરનાં દર્શન કરવા–સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકરનાં દર્શન કરવા અહીં આવ્યા હતા. અમારા દેવ ક્ષણે રૂષ્ટા ક્ષણે તુષ્ટા નથી થતા વિગેરે ઘણું ઘણું સમજાવ્યું. આ અમારી તીર્થભૂમિ છે. અમારા દેવાધિદેવ આ પ્રદેશમાં વિચર્યા છે તે સ્થાનનાં દર્શન–સ્પર્શન કરવા અમે દૂર દેશથી આવ્યા છીએ. અમે ઇશ્વર માનીએ છીએ, જૈનદર્શન ઇશ્વર સારી રીતે માને છે એમ સિદ્ધ કરી આપ્યું. બધા શાંત થઇ ગયા. છેવટે કહ્યું કે શાસ્ત્રાર્થ કરવો હોય તોપણ વાંધો નથી. પછી અમે અમારા સ્થાને આવ્યા. રાજપુતો પણ મોડા મોડા આવ્યા. રાત્રે જૈનદર્શન સમજાવ્યું. દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વ પણ સુંદર રીતે સમજાવ્યું. તેમને તે વસ્તુ ગમી. આ ધર્મ સારો છે એ પણ થયું. યદિ અહિં એકાદ માસ રોકાયા હોઇએ તો તેઓ સંપૂર્ણ જૈન નહિંતો જૈનધર્મની આસ્થાવાળા તો થઇ જ જાય. રત્નપ્રભસૂરિ અને બીજા સમર્થ જૈનાચાર્યોએ પોતાનો પરમ ત્યાગ, તપ, જ્ઞાન અને ઉત્તમ ચારિત્રના પ્રભાવથી ઉપદેશામૃતનો ધોધ વહેવરાવી આમ જ જૈનો વધાર્યા હશે તેમ ભાસ્યું. અહીં અવારનવાર સાધુઓ આવતા જાય, તેમનો ઉપદેશ, ત્યાગ અને ઉત્તમ ચારિત્ર જોઇ અહીંના રાજપુત ભાઇઓ પ્રભુ મહાવીરના ભકત થાય તો કાંઇ નવાઇ જેવું નથી. બ્રાહ્મણોની ઝારશાહીથી, તેમના શિથિલ આચારવિચારથી તેમને કંટાળો આવ્યો છે. જૈન ધર્મ તેમને પ્રિય અને સત્ય ધર્મ લાગ્યો છે. આ ગામ (ઘટરાઇન) માં ઉતરવાનું સ્થાન સારૂં છે. રાજપુતો ભાવિક, સરલ અને શ્રદ્ધાળુ છે. કંઇક ધર્મરૂચિ પણ છે. તત્ત્વાતત્ત્વ સમજે પણ છે. અમે કહ્યું પણ છે કે આ રસ્તે જૈન સાધુઓ નીકળે છે, તમને અવારનવાર લાભ મળશે. મૂળ ગામ સડકથી ૦।।–૦।।। માઇલ દૂર છે તે લોકોએ કહ્યું અમારી જીંદગીમાં જૈન સાધુ પહેલાજ જોયા; પણ તમે સાચા સાધુ છો, ત્યાગી સાધુ છો. સાધુ આવા જ જોઇએ અમે કહ્યું–જૈન ધર્મના સાધુ આવા જ ત્યાગી—કંચન અને કામિનીના સર્વથા ત્યાગી હોય છે. ઉઘાડે માથે અને ખુલ્લે પગે દુનિયામાં વિચરી ધર્મોપદેશ આપવો એ જ તેમનું કર્ત્તવ્ય છે. તેમને જૈન સાધુ દર્શનની પ્યાસ–તરસ લાગી છે. તેને છીપાવનાર–સંતોષ આપનાર કોઇ જૈન સાધુ મહાત્મા પહોંચે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંથી વિહાર કરતા ત્રણ માઇલ લાંબી પટવાળી સોનભદ્રા ઉતરી ધીમે ધીમે બનારસ આવ્યાં. આ સોનભદ્રા ઉતરતાં પશુઓને જે ત્રાસ અને દુઃખ પડે છે તે અવર્ણનીય છે. નરકનાં દુઃખો તો છે જ, પરન્તુ આ દુખ જેવું તેવું ભયંકર નથી. એ દુઃખ જોઇ પાષાણુહૃદયી માણસ પણ રડી પડે, નાસ્તિકને પણ આસ્તિક બનાવે, પુનર્જન્મ, પુણ્યપાપ, કર્મ આદિ ન માનનારાને પણ એક વાર માનવું પડે તેવું કરૂણાજનક અને છતાંય ભીષણ દશ્ય જોવાય છે. એ દશ્ય ગરમીની ઋતુમાં તો વધુ ને વધુ ભયંકર દુઃખમય બનતું જાય છે.

**બનારસ**—અમે પુનઃ આવ્યા બધા સ્થાનોની યાત્રા કરી અંગ્રેજી કોઠીમાં જ ઉતર્યા હતા. પાછળની બધી જમીન-મકાન ભાડે અપાઇ ગયેલ છે. એક મહાન્ પાઠશાળામાં જ્યાં બ્રહ્મચારી બાળકો અને સાધુઓ જ રહેતા ત્યાં આજે ગૃહસ્થો ભોગ ભોગવે છે, ડુંગળી, બટાટા અને અભક્ષ્ય ચીજો વપરાય છે. અમે તો ત્યાંસુધી સાંભળ્યું કે માંસાહાર સુદ્ધાં થાય છે. ભાડુતો પણ સામાન્ય મુફલીસ કુલીઓ જ રહેલા છે. મંદિરમાં અને ગુરૂમંદિરમાં ધૂળ અને જાળાં બાઝી ગયાં છે. કોઇ જાતની વ્યવસ્થા નથી. ગુરૂમંદિરમાંથી ધૂળ તે દિવસે કઢાવી હતી. બાકી મકાન દિનપરદિન જીર્ણ થતું જાય છે, અને તેમાં વળી બાકીનું પુરૂં કામ વાંદરા કરે છે. જાળી અને કઠેરા, બારી અને બારણાં તોડી નાંખી કામ વધારે છે. તેના માલેકો હજી પણ સમજે તો સારૂં. મૂળ માલેકોએ કાંઇ પોતાના માટે મકાન લીધું ન હતું. આજે તેમના વંશજો શામાટે મમત્વ રાખી મકાનને વિનાશના મુખમાં હોમી રહ્યા છે? ત્યાંના જૈનો પણ કહે છે કે અમને સોંપી દો. અમે તેમનું નામ રાખી ધર્મશાળા કરી, જીર્ણોદ્ધાર કરીએ-કરાવીએ પણ......ભાઇના મગજમાં તે વાત નથી ઉતરતી. છેવટે આ. ક. પેઢીને સોંપે. અહીં એક જૈન વિદ્યાલયની આવશ્યકતા હું બતાવી ગયો છું. શાસનદેવ બધાને જાગૃત કરી સદ્બુદ્ધિ આપે.

બનારસમાં મંદિરોની વ્યવસ્થા સારી નથી. ભદૈની ઘાટમાં ઝાડુ પણ રોજ નીકળે છે કે કેમ એ પ્રશ્ન છે. કુતરા અને વાંદરા બગાડી જાય છે તે કોઇ સાફ પણ નથી કરાવતું. ભદૈનીનો ઘાટ પ્રતિદિન ગંગાના મુખમાં હોમાતો જાય છે. સહસ્ર સહસ્ર જીહ્વાએ ભાગીરથી મંદિરને અને ઘાટને ગળી જવાની તૈયારી કરી રહેલ છે. જૈન સંઘ સવેળા જાગૃત થાય અને પુરાણા તીર્થસ્થાનનું રક્ષણ કરે એ જરૂરી છે. કલકત્તાનો શ્રી સંઘ ઘણી વાર મોટી મોટી વાતો કરી મૌન રહે છે, હવે વધારે સમયનું મૌન અને બેદરકારી એ ઘાટના વિનાશને આમંત્રણ કરવા બરાબર છે. આપણો જ પ્રમાદ, આળસ, ઉપેક્ષાભાવથી આપણે તીર્થ ગુમાવીશું. એક સાધનસંપન્ન સમાજ પ્રાચીન તીર્થસ્થળના વિનાશની અણીના સમયે પણ ઉપેક્ષાભાવ રાખે એ કેટલા દુઃખ અને શરમની વાત છે! દાનશુર ધર્મભક્ત જૈન સમાજ આજ શું કરે છે? જ્યાં જરૂર નથી ત્યાં ભરતામાં ભરાય છે; ખાલી ક્ષેત્ર-સ્થાનની સામું જોવાની પણ ફુરસદ નથી. બે-ત્રણ મંદિરો બાદ કરતાં બનારસનાં બીજા મંદિરોમાં બરાબર રોજ પૂજા પણ થતી હશે, કચરો નીકળતો હશે કે કેમ તેની પણ અમને શંકા થઇ. બનારસનું વિશેષ વિવેચન પહેલાં આપી ગયેલ છું. ગંગા કિનારે એક બીજું પણ જૈનમંદિર જોયું, જેમાં પહેલાં નેમનાથ ભગવાનની પાદુકા હતી. અત્યારે તે જૈનોના કબજામાં નથી. તેને દત્તાત્રયની દેરી કહેવાય છે. પણ ખરી રીતે જૈન મંદિર જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંથી પુનઃ સિંહપુરી અને ચંદ્રાવતી ગયા. આ તીર્થોનું વિવેચન આગળ આપી ગયો છું. પાર વિનાની અવ્યવસ્થા અને અંધારૂં પ્રવર્તે છે. વ્યવસ્થા કરવાની વાતો કરનારા પણ અંધારૂં પ્રવર્તાવે છે. બંને સ્થાનોએ ધર્મશાળામાં પાર વિનાનો કચરો અને ધૂળના ઢગલા જામ્યા હતા. સિંહપુરીનું મંદિર કે જેની વ્યવસ્થા યતિ નેમીચંદજી રાખે છે તેની ધર્મશાળાની ચાવી પણ પોતે જ રાખે છે. યાત્રિઓને પાર વિનાની અડચણ ભોગવવી પડે છે. વ્યવસ્થાપકોને આશાતનાનો દોષ લાગે છે એ ભૂલવાનું નથી. આમાંય હમણાં મોટરોની સગવડ વધવાથી ગૃહસ્થ યાત્રિઓ તો મોટરમાં જ આવે–જાય છે. તેમને નથી ખ્યાલ આવતો વ્યવસ્થાનો કે ત્યાંની નીતિરીતિનો. અને કેટલાક જાણનારા પણ આંખો મીંચી ચાલ્યા જાય છે. આપણાથી શું થવાનું છે–એ જાણે ને એનું કરમ જાણે એમ કહી મૌન રહે છે; પણ તેનાં કેવાં માઠાં પરિણામ આવે છે, એ આશાતના કેવાં કટુ ફળો આપે છે તે તરફ આપણે લક્ષ જ નથી આપતાં એમ કહું તો ચાલે.

સિંહપુરીના આપણા મંદિરથી ૧-ાાા માઇલિ બૌદ્ધ મંદિર નવું બન્યું છે. ૧૯૩૧ માં તેની અંદર મૂર્તિની પ્રતિષ્ઠા થઈ છે. અહીં વિદ્યાલય પણ બન્યું છે. પુસ્તકાલય, સાહિત્યપ્રચારમંડળ અને સાધુ વિદ્યાલય–પાઠશાળા ચાલે છે. પૂર્વ દેશમાં બૌદ્ધોની આ એક જબરજસ્ત કોઠી સ્થપાઇ છે. રોજ સેંકડો યાત્રિઓ હિન્દ અને હિન્દ બહારથી આવે છે. બૌદ્ધ ધર્મના પ્રચાર માટે એક મીશનના રૂપમાં કામ ચાલે છે. સીલોન, તીબેટ, બર્મા, ચીન આદિ દૂર સુદૂર દેશના બાળકોને બૌદ્ધધર્મની દીક્ષા આપી ભારતના રીતરીવાજો, ભારતની ભાષાઓ, ભારતનું માનસ પારખવાનું જ્ઞાન અપાય છે અને ભારતમાં બૌદ્ધધર્મના પ્રચારની તાલીમ જોરશોરથી અપાય છે. શું જૈન સમાજ હજી પણ આળસ, નિદ્રા અને ગૃહકલહમાં પણ પોતાની શકિતનો હ્રાસ થતો નહિ અટકાવે? આજે ઇતર ધર્મો જોરશોરથી કામ કરી પોતાનાં ધર્મનો ફેલાવો કરી રહેલ છે, અને તેમાં કાશી કે જ્યાં કટ્ટર બ્રાહ્મણોનું કેન્દ્ર છે તેના સામે જ તેમના પ્રતિસ્પર્ધી તરીકે બૌદ્ધીસ્ટો ભારતમાં બૌદ્ધધર્મના પ્રચારની યોજના ઘડી રચનાત્મક વિધાયક મજબુત કામ કરી રહેલ છે. બૌદ્ધધર્મ ભારતમાં કુદકે ને ભુસકે આગળ વધતો જાય છે. સંખ્યામાં અને શ્રદ્ધામાં બૌદ્ધો વધતા જ જાય છે જ્યારે આપણે વર્તમાન સ્થિતિ સાચવી શકીએ તોય કાફી છે. **શું જૈન સમાજના કાર્યકર્તાઓ વર્તમાન પરિસ્થિતિથી અનભિજ્ઞ છે? જૈન સમાજની ઉન્નતિનો તેમને વિચાર સરખો પણ નથી આવતો? આજે જૈન સમાજના સૂત્રધારો લગાર જાગો અને જુઓ દુનિયામાં શું ચાલી રહ્યું છે? ઇતરધર્મી સ્વધર્મના પ્રચાર માટે પ્રયત્નો** કરે છે. અત્યારે જૈન ધર્મના પ્રચારની આ સુવર્ણ તક જવા દેવા જેવી નથી. અસ્તુ. અહીં બધું બારીકીથી જોયું. બૌદ્ધ સાધુઓને મળ્યા. તેમના આચારવિચાર પણ જોયા. તેઓ દિવસમાં જમે છે એક જ વાર, પરન્તુ પોલ એ છે કે ગમે ત્યારે રાત્રે કે દિવસે ચા, ફ્રુટ, દુધ આદિની છુટ છે. બાકી બુટ, મોજા અને પૈસા પણ રાખે છે. અહીંથી વિહાર કરી અયોધ્યાજી તરફ આગળ વધ્યા.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન–આચાર.

( ગતાંક પૃષ્ઠ ૧૩૪ થી શરૂ )

ભાવપૂજા ચૈત્યવંદનરૂપ હોય છે. દ્રવ્યપૂજા કરી રહ્યા પછી પૂર્વે કહ્યા પ્રમાણે જય વીયરાયરૂપ પ્રણિધાનપર્યંત વિધિપૂર્વક ચૈત્યવંદન કરે. ચૈત્યવંદન કરતાં પ્રભુના ગુણોને સુંદર રાગરાગિણીવડે ભાવપૂર્વક સંભારે, અને તે પણ વૈરાગ્યરસયુક્ત, વિશુદ્ધ, શાંતિચિત્તવડે સ્તવન કહે. વિશુદ્ધ એવી રીતે હોય કે તાલ, સુરયુક્ત, વિશાળ અર્થયુક્ત, સ્પુટ ઉચ્ચારપૂર્વકનું અને કંઠ વિશુદ્ધ હોઇ મધુર ગાન કરે. અને ભાવયુક્ત હોય તો જ મનુષ્યને તે સર્વ ક્રિયા મહાનિર્જરારૂપ ફળ આપનાર થાય છે. ભાવશૂન્ય મનુષ્ય કીર્તિ વિગેરેની પ્રાપ્તિ માટે ગમે તેવું મોટું અનુષ્ઠાન કરે છતાં તેને બહુ જ અલ્પ ફળ મળે છે. ક્રિયાશૂન્યનો ભાવ અને ભાવવગરની ક્રિયા તેમાં પણ મોટું અંતર છે. મતલબ કે ક્રિયાશૂન્યનો ભાવ પણ અત્યંત ફળદાયક થાય છે.

ઉપર પ્રમાણે પ્રભુભક્તિ કરવા માટે જણાવ્યું પછી શ્રાવક ગુરૂવંદન કરવા જાય. વિધિપૂર્વક ગુરૂવંદન કરતાં નીચગોત્રકર્મ ખપી જાય તેમજ જ્ઞાનાવરણીય આદિ કર્મોની ગ્રંથી શિથિલ થાય છે. નવકારશી આદિ પ્રત્યાખ્યાન ઘેર ગૃહચૈત્યમાં ગ્રહણ કર્યું હોય છતાં ગુરૂસાક્ષીએ ફરી ત્યાં ગ્રહણ કરે. પછી શ્રાવક પોતાને ઘેર જાય અને ભક્ષ્યાભક્ષ્યના વિચારપૂર્વક તે સ્વજન બંધુઓ સાથે ભોજન કરે.

પગ–હાથ ધોયા વિના, ક્રોધાંધ થઇને, દુર્વચન બોલતાં અને દક્ષિણ દિશા સન્મુખ બેસીને ભોજન કરવું તે રાક્ષસભોજન કહેવાય છે. શરીરે પવિત્ર થઇ, સારા સ્થાને નિશ્ચલાસન પર બેસી, દેવગુરૂનું સ્મરણ કરીને ભોજન કરવું તેને શાસ્ત્રો માનવભોજન કહે છે. સ્નાન કરી, દેવભક્તિ સારી રીતે કરી, વડિલો–પૂજ્ય ગુરૂજનોને હર્ષપૂર્વક નમી સુપાત્રે દાન આપીને ભોજન કરવું તે ઉત્તમભોજન કહેવાય છે. ભોજન, મૈથુન, સ્નાન, વમન, દંતધાવન, મલોત્સર્ગ કરતાં અને શ્વાસાદિ નિરોધ પ્રસંગે સુજ્ઞપુરૂષોએ મૌન ધારણ કરવું.

અગ્નિ અને નૈરૂત્ય કોણ, દક્ષિણ દિશા સન્મુખ બેસીને તેમજ સંધ્યાકાળ, પ્રાતઃકાળ, મધ્યાન્હકાળ ( ત્રિ સંધ્યા વખતે ) ચંદ્ર, સૂર્યગ્રહણ વખતે, ઘરમાં શબ પડયું હોય તે વખતે ભોજન કરવું નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની પાસે ધન છતાં ભોજનાદિમાં કૃપણતા કરનાર મનુષ્ય કોઇ બીજા માટે જ ધન ઉપાર્જન કરે છે એમ જાણવું.

**ભક્ષ્યાભક્ષ્યવિચાર.**—અજાણ્યા ભોજનમાં અને જ્ઞાતિભ્રષ્ટને ઘેર ભોજન કરવું નહિં તેમજ અજાણ્યાં અને નિષેધ કરેલા ફળ–ફળાદિનું પણ ભક્ષણ ન કરવું. બાળહત્યા, સ્ત્રીહત્યા, ગર્ભહત્યા તથા ગૌહત્યા કરનાર, આચાર વિરૂદ્ધ વર્ત્તનાર, તથા પોતાના ગોત્રમાં ભેદ પડાવનાર ( કલેશ કરાવનાર ) પુરૂષોની પંક્તિમાં સુજ્ઞજનોએ જાણતાં છતાં ન બેસવું. મદ્ય, માંસ, માખણ, મધ, પાંચ જાતના ઉંબરા, અનંતકાય, અજાણ્યું ફળ, રાત્રિભોજન, કાચા ગોરસમાં મેળવેલ કઠોળ, વાસી ભાત વગેરે ધાન્ય, બે દિવસ ઉપરાંતનું દહીં અને જેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઈ ગયા હોય એવા અને કોહાઇ ગયેલા અન્નનો સર્વથા ત્યાગ કરવો. વળી ધર્મ-પરાયણ શ્રાવક, શ્રાવિકાએ જંતુમિશ્ર, ફળ, ફુલ, પત્ર કે અન્ય વસ્તુ અને બોળઅથાણાનો ત્યાગ કરવો જોઇએ.

ભોજન અને મલોત્સર્ગ કરતાં ઘણી જ વાર ન લગાડવી જોઇએ, ( ચાવીને ખાવાની મના નથી ) અને જલપાન તથા સ્નાન ઉતાવળથી ન કરતાં સ્થિરતા-પૂર્વક કરવાં. ભોજનની શરૂઆતમાં પાણી પીવું તે વિષ સમાન, અંતે પથ્થર સમાન અને વચ્ચે પીવું તે અમૃત સમાન છે. અજીર્ણ જણાતું હોય તો ભોજ-નનો ત્યાગ કરી તેનું શમન થયા પછી પ્રકૃતિને માફક આવે તેવું હલકું ભોજન લેવું અને પાનસોપારી વગેરેથી મુખશુદ્ધિ કરવી. વિવેકી જને માર્ગે ચાલતાં તાંબુલનું ભક્ષણ ન કરવું, સોપારીનું આખું ફળ દાંતે ભાંગવું નહિં, પરંતુ જોઈ તપાસી પછી ઉપયોગ કરવો.

ભોજન કર્યા પછી વિચારવંત પુરૂષે ગ્રીષ્મ ઋતુ ( વૈશાખ, જેઠ માસ ) સિવાય દિવસે સુવું નહિં, કારણ કે બીજી ઋતુમાં દિવસે સૂતાં શરીરે વ્યાધિ થવાનો સંભવ છે. શાસ્ત્રકાર મહારાજે મોક્ષમાર્ગ બતાવવા સાથે શરીર-સંરક્ષણના નિયમો પણ બતાવ્યા છે. કારણ કે નિરોગી મનુષ્ય જ ધર્મસાધના, ધર્મપ્રભાવના, શાસનઉદ્યોત કરી શકે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કુરૂક્ષેત્રમાં ધર્મ બીજારોપણ.

આજથી બે દસકા પહેલાંનો આ પ્રસંગ છે. યુ. પી. માં આવેલા મેરઠ જીલ્લાના સરધના તાલુકાના મુખ્ય શહેર સરધનામાં એક જિનમંદિર માટે કોર્ટમાં કેસ ચાલતો હતો. બન્ને પક્ષની જોરદાર અપીલો છતાંય ચુકાદો એક-પક્ષીય થયો અને એ જ વખતે એક સજ્જને કોર્ટની રજા લઇ વસુરાજાની કથા કહી સંભળાવી. અન્તે કહ્યું કે નામદાર વસુરાજા જુઠું બોલવાથી સિંહાસનચ્યુત થયો એટલું સત્યનું માહાત્મ્ય હતું. આજ અમારો આટલો ગેરઈન્સાફ થવા છતાં ય આપ હજી ય સિંહાસન ઉપર બેઠા છો એટલે મને લાગે છે કે નામદાર ! કલિયુગમાં–પંચમકાલમાં એ શક્તિ અને એ માહાત્મ્ય અદૃશ્ય થયાં છે. આ ચુકાદાનું તાત્પર્ય એ હતું કે–" મંદિર બનાવનારના વારસદારો જૈન છે. મંદિર તેની હકુમતમાં રહે. મંદિરની ચાવીઓ તેના હાથમાં રહે પણ તેઓ ભગવાનની પૂજા–પખાળ કરી શકે નહી. પૂજા કરવાનો હક્ક સામા પક્ષવાળાનો જ રહે."

બસ ત્યારથી તેઓએ પૂજાની સાથે મંદિર છોડયું. આ પૂજાના હક્ક સિવાયના લુખા અધિકારે દરેકને દુઃખ થયું. આ ઝઘડાની આગ સારા જીલ્લામાં ભભૂકી રહી. કોઇએ ધર્મ છોડયો, કોઇએ સમાજ છોડયો, અસ્તવ્યસ્ત દશા વ્યાપી રહી.

આ પ્રદેશમાં વીશા–દશા અગ્રવાલોના ઘરો છે, જેમાં શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી જૈન ધર્મનો પ્રચાર છે તેમજ વૈષ્ણવ તથા આર્યસમાજનો પ્રચાર છે.

આ પ્રદેશમાં ૩૦૦ વર્ષ પહેલાં શ્વેતાંબર જૈનો હતા, શ્વે. મંદિરો હતા કિન્તુ જૈન સાધુઓનો વિહાર ન થવાથી તેઓ સ્થાનકવાસી તથા દિગંબરી બની ગયા છે. ત્યારપછી પહેલવહેલા પૂ. પા. શ્રી આત્મારામજી મહારાજે આ દેશમાં શ્વેતાંબર ધર્મનો પાયો નાખ્યો. બીનૌલી તથા ખીંવાઇના જૈનો એ તેઓ સાહેબની કૃપાનું ફળ છે. ત્યારબાદ પૂ. પા. શ્રી ચંદનવિજયજી વિ. મ. તથા પંજાબના સિંહ પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે આ પ્રદેશમાં વિહાર કરી ઇતર લોકોને જૈનપ્રેમી બનાવ્યા. બીનૌલીમાં જૈન મંદિર સ્થાપ્યું, બડોતમાં નવા જૈનો બનાવી ચોમાસું કર્યું તથા જિનમંદિર માટે ઉપદેશ આપી ત્યાં ધર્મની સ્થાપના કરી.

છેલ્લા વર્ષમાં મુ. મ. શ્રીદર્શનવિજયજી આદિ મુનિત્રિપુટી તથા અધ્યાત્મવેદી મુ૦ મ૦ શ્રીહિતમુનિજી મ૦ પૂર્વદેશની યાત્રા કરતા ઐતિહાસિક પુરાતત્ત્વ વિભાગની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોધખોળ કરતા દીલ્હી થઇ હસ્તિનાપુરજી તીર્થ પધાર્યા. ( વિ. સં. ૧૯૮૯ વૈ. શુ. ૩ ) ત્યાંથી વૈ. શુ. ૭ દિને સરધના ( જીલ્લા મેરઠ ) આવ્યા. અહીં બે દિવસ પહેલા જ ૩૫ ઘરવાલા ભાઇઓએ આર્યસમાજી બનવાનો વિચાર કરી રાખ્યો હતો કિન્તુ મુનિજી પધારતાં તેઓ એકઠા થયા. તેઓ ધર્મવિહોણા જીવનના કટુક ફળ અનુભવી ચૂકયા હતા. આપસમાં કલેશ–કલહ વધી ગયો હતો, શાસનદેવીની કૃપાથી બધા એક થયા, અને મુનિ મહારાજનો ઉપદેશ સાંભળ્યો. જૈનધર્મની ઉદારતા, પ્રેમ તથા નિષ્પક્ષતા સાંભળી તેઓને પુનઃ જૈનધર્મ સ્વીકારવાનું મન થયું અને ઉપદેશે તેમાં જબરજસ્ત આંદોલન ઉત્પન્ન કર્યું. અંતે ભિન્ન ભિન્ન ધર્મમાં વિખરાયેલ સરધનાના ભાઇઓએ વૈશાખ શુદિ ૧૧ શનિવાર ( તા. ૬–૫–૧૯૩૩) દિને પુનઃ જૈન ધર્મ સ્વીકારી વાસક્ષેપ લીધો.

આ વાત સારા જીલ્લામાં ફેલાઇ ગઇ. લાગતાવળગતાઓ તરફથી દબાણ શરૂ થયું, ધમકીઓ અપાવા લાગી; પણ તેઓએ મક્કમતાથી ઉત્તર વાળ્યો કે–બાપ એક જ હોય. હવે અમારે માટે આ જ ધર્મ છે અને તેને માટે જ અમારૂં જીવન છે.

મહારાજશ્રીએ આગળ વિહાર લંબાવ્યો, જ્યાં વાગપતમાં ૫ ઘર, મલકપરમાં ૧૦ ઘર, સરૂરપરમાં, ૧ ઘર, નવા^૪વે૦ જૈન બન્યા. બેકડાના ૩૫ ઘર પણ તૈયાર થયા. મહારાજશ્રી **દીલ્હી** પધાર્યા અને ત્યાં જ ચોમાસું કર્યું. આ ભાઇઓએ પણ ચોમાસામાં અવારનવાર દીલ્હી આવી પોતાનો ધર્મપ્રેમ વધાર્યો અને મહારાજશ્રીને પુનઃ પોતાના ગામોમાં પધારવા વિનંતિ કરી હતી.

આ તરફ સરધનામાં મંદિર બંધાવવાની પ્રેરણા ચાલી. શ્રી દર્શનવિજયજી મહારાજશ્રીના ઉપદેશથી દેહલી સંઘ તરફથી આશરે રૂ. ૨૦૦૦, બીનૌલીથી રૂ. ૫૦૦, વઢવાણ કાંપના શ્રી સંઘ તરફથી રૂા. ૬૧૧) તથા વેરાવળના દાનવીર શેઠ વલ્લભદાસ ગીરધર વીરજી તરફથી રૂા. ૫૦૦ ની મદદ મળી ચૂકી છે તથા ચોકમાં રૂા. ૩૫૦૦ ની જમીન લેવાઇ ગઇ છે.

મહારાજશ્રી દીલ્હીથી વિહાર કરી સરધના પધાર્યા, સાધ્વીજી મ. માણેકશ્રીજી તથા તિલકશ્રીજી વિગેરે પણ પધાર્યા એટલે બીનૌલીવાલા લાલાશ્રીચંદજી તથા બાબૂ કીર્તિપ્રસાદજીની સરદારી નીચે અહીંના સંઘે જિનેન્દ્રને પધરાવવાનો ઉત્સવ આરંભ્યો. બીનૌલીવાસી ભાઇઓ સહકુટુંબ અહીં આવી રહ્યા અને ગામોગામ પત્રિકાઓ પાઠવી.

આગરા શ્રી ચિન્તામણિજીના ભંડારમાંથી ૩ પ્રતિમાજી તથા ૩ પંચતીર્થી આવવાથી ગામમાં અપૂર્વ ઉત્સાહ આવ્યો. બડોતના શ્રી સંઘનું બેંડ દીલ્હી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીનૌલીની ચાંદીની પાલખીઓ અને અંબાલાના રથે આ ઉત્સાહમાં અધિક વધારો કર્યો અને ઉત્સવ મંડાયો.

મા. વ. ૮ રવિવારે કપડવંજનિવાસી શા. ............. ના સુપુત્રી બાલ-બ્રહ્મચારિણી બેન ભદ્રાએ દીક્ષા લીધી જેને ભદ્રાશ્રી નામ આપી બા૦ બ્ર૦ સા૦ તિલકશ્રીજીની શિષ્યા તરીકે જાહેર કરવામાં આવી. બેન ભદ્રાના કુટુંબ તરફથી મોતિયા લાડુની પ્રભાવના થઇ હતી તથા ભગવાનને ટીકા ચડાવવામાં આવ્યા હતા.

મા૦ વ૦ ૧૦ મંગળવારે બપોરે નવા આવેલ ભગવાનનો વરઘોડો નીકળ્યો હતો. પાંચ કલાક નગર પ્રદક્ષિણા થઇ હતી. એક મોટરમાં જગદ્ગુરૂ શ્રીહીર-વિજયસૂરિ, પૂ૦ શ્રીવિજયાનંદસૂરિ તથા ય૦ જૈન ગુરૂકુલ સ્થાપક મહાત્માશ્રી ચારિત્રવિજયજી મ૦ ના ફોટા પધરાવવામાં આવ્યા હતા. બીનૌલી તથા બડોતની ભજનમંડલીએ સારો રસ જમાવ્યો હતો. આત્માનંદ જૈન ગુરૂકુલ ગુજરાનવાલાના અધ્યાપક પં૦ રામકુમાર જૈન ન્યાયતીર્થ હીંદી વિશારદે ચાલતા વરઘોડામાં વ્યાખ્યાન આપી જૈન ધર્મની ખૂબીઓ સમજાવી હતી. આ સમયે ૫૦૦૦ મનુષ્યોની મેદની મળી હતી. આ શહેરમાં દિગંબરોના ૨૫૦ ઘર છે. ગામ વસ્યું ત્યારથી અત્યારસુધી મોટી પ્રતિષ્ઠા–યાત્રાઓ થઇ પરંતુ આ માનવીસાગર કયારેય દેખવામાં આવ્યો ન હતો. સાંજે સાધર્મિકવાત્સલ્ય હતું. રાત્રે શહે-રની જૈન–જૈનતર જનતાએ ખુશાલીમાં અભિમન્યુનું ગેધેરીંગ ભજવ્યું હતું.

મા૦ વ૦ ૯ દિને આખો દિવસ વાદળાની ઘટા રહી, પાણી પડું પડું થઇ ગયું. ૧૦ ની સવારે ૫ વાગે છાંટા આવ્યા. એક દિ. જૈને બાબુ કીર્તિ-પ્રસાદજી પાસે જઇને કહ્યું કે–આજે તમારો વરઘોડો નીકળી ચૂકયો ! બાબુજીએ સાત્ત્વિક ઉત્તર વાળ્યો કે–વરઘોડો ન નીકળે તો મારૂં નાક કાપી લેવું.

પુનઃ ૮ વાગે વરસાદ આવ્યો. લાલા મુન્નાલાલજીએ મહારાજ સાહેબને કહ્યું કે આજ પાણીનો ડર છે. મુનિશ્રીએ ઉત્તર આપ્યો કે–“ આ કાર્યમાં શાસનદેવ અનુકુળ છે. ડરવાની જરૂર નથી. ઉત્સાહથી કાર્ય કરો. ભગવાનના પ્રવેશ સુધી પાણી નહીં જ આવે. બસ બપોરે દબદબાથી ભગવાનની સ્વારી નીકળી.

આ બનાવથી ગામના લોકોને શ્રી સુમતિનાથ ભગવાન પ્રત્યે અનન્ય શ્રદ્ધા પ્રકટી છે.

મા૦ વ૦ ૧૧ બુધવાર ( તા૦ ૧૩-૧૨-૧૯૩૩) મધ્યાન્હે મોટા દબદબા સાથે જિનપ્રતિમાઓનો નગરપ્રવેશ થયો હતો. બપોરે મધ્યચોકમાં જાહેર સભા ગોઠવી હતી જ્યારે પં. રામકુમારજી જૈન ન્યાયતીર્થ હીંદી વિશારદ, બાબૂકીર્તિપ્રસાદજી જૈન વકીલ–એડવોકેટ હાઇકોર્ટ તથા મુનિ ન્યાયવિજયજીએ જૈન–ધર્મ સંબંધી ભાષણો આપ્યા હતા. ( ચાલુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદ્વિચાર સામર્થ્ય.

અનુ૦:—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ.

શરીર, વાણી તથા મનથી એવું કોઇ પણ કાર્ય ન કરો કે જેથી વાતાવરણમાં દૂષિત ભાવ ફેલાઇ જાય, તેમજ એવા દૂષિત વાતાવરણમાં ન રહો કે જેનો પ્રભાવ તમારા શરીર, વાણી અને મન પર પડે. મનુષ્ય જે કોઇ શરીરથી કરે છે, વાણીથી શબ્દો ઉચ્ચારે છે અને મનથી ચિંતન કરે છે તેનો પ્રભાવ ત્યાંના વાતાવરણ ઉપર પડે છે, તેના પરમાણુ ત્યાંના વાતાવરણમાં ન્યૂનાધિકરૂપે ફેલાઇ જાય છે. જે તે વાતાવરણમાં રહેનાર દરેક વસ્તુ ઉપર પોતાનો પ્રભાવ પાડે છે.

જેના મનની સંકલ્પશક્તિ ઘણી જ વધી ગઇ હોય છે તે પોતાના માનસિક ભાવોને ખૂબ દૂર મોકલી શકે છે અને પોતાથી નબળી સંકલ્પ શક્તિવાળા અનેક મનુષ્યોના મન ઉપર પ્રભાવ પાડી શકે છે. જેની માનસિક શક્તિ નબળી હોય છે તેના વિચાર બહાર જઇને ઘણે દૂર ફેલાઇ શકતા નથી અને વધારે લોકોના મન ઉપર પ્રભાવ પાડી શકતાં નથી. અહિંયા એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે સંકલ્પશક્તિ તેની વધારે હોય છે જેના સંકલ્પ સત્ અથવા સાત્ત્વિક હોય છે.

પરંતુ ખરાબ સંકલ્પોનો પણ પ્રભાવ ઓછો નથી પડતો. કેમકે આજકાલ તો વાતાવરણમાં ઘણે ભાગે એવાજ સંકલ્પ અધિક પ્રમાણમાં ફેલાયેલા રહે છે, અને લોકોના મન પણ તેને અનુકૂળ પરમાણુઓથી ભરેલા હોય છે. એ સિદ્ધાંત છે કે ગ્રહણ કરનાર પોતાને અનુકૂળ પદાર્થોને તરતજ ગ્રહણ કરે છે,

જે લોકોના મનમાં વિષાદ, શોક, હિંસા, ક્રોધ, દ્વેષ, વૈર, અભિમાન, લોભ, દંભ, કામ, કાયરતા, નાસ્તિકતા, ઇર્ષ્યા અને ભય વગેરે દૂષિત સંકલ્પો ભર્યા હોય છે તેઓ પોતાનું જ અનિષ્ટ નથી કરતા, પરંતુ પોતાના સંકલ્પોને વાયુદ્વારા બહાર મોકલીને સમસ્ત વાતાવરણને દૂષિત કરી મૂકે છે, જેની ત્યાં રહેનાર સઘળા માણસના મન ઉપર અમુક અંશે અસર થાયજ છે.

જે સ્થાનમાં સાચા સાધુ લોકો વધારે વસતા હોય છે, તે સ્થળનું વાતાવરણ શુદ્ધ અને સાધુભાવોથી ભરેલું રહે છે. પછી ભલે તેઓ વાણીથી કશો ઉપદેશ ન આપતા હોય અથવા કોઇને મળતા પણ ન હોય. એથી ઉલટુ જ્યાં ચોર, લુંટારા, વ્યભિચારી, કપટી, કામી અને ક્રોધી, મનુષ્ય રહેતા હોય છે, ત્યાંનું વાતાવરણ તે લોકો ઉપરથી સારા સારા ઉપદેશની વાતો કરતાં હોય તો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂષિત રહે છે. એટલા માટે એવા મહાત્માઓના નિવાસમાત્રથી પરમ લાભ માનવામાં આવે છે કે જેઓ સર્વથા લોકસમાજથી અલગ અને મૌન રહેતા હોય છે; પરંતુ જેમનું અંતઃકરણ કેવળ ભગવદ્ભાવોથી જ ભરેલું હોય છે તેમની અંદરથી નીકળતા ભગવદ્ભાવોનાં કિરણો સમસ્ત વાતાવરણમાં ફેલાઇને સર્વત્ર સદાચાર, સાધુશીલ અને ભગવત્ પ્રેમની જ્યોતિ પાથરે છે, અને તેનો પ્રકાશ પામીને પામર પ્રાણી પણ કૃતાર્થ થઇ જાય છે,

વાયુમાં બે ગુણ છે, શબ્દ અને સ્પર્શ. વાયુ પોતે કોઇ પણ ગુણવાળો નહિ હોવા છતાં પણ તે જ્યાં સ્પર્શ કરે છે ત્યાંના પરમાણુઓ લઇને તેને અહીં તહીં વીખેરી નાખે છે. સુગન્ધના સ્થાનથી સુગન્ધ અને દુર્ગંધના સ્થાનથી દુર્ગંધ લઇને તેને ચારે તરફ ફેલાવી મૂકે છે. એવી જ રીતે સુંદર સંગીત ધ્વનિ અથવા કર્કશ કઠોર શબ્દને પણ પકડીને દૂરદૂર સુધી તેનો વિસ્તાર કરી મૂકે છે. એ બ્હારની ચીજોને ફેલાવવામાં જ એનું કાર્ય સમાપ્ત નથી થઇ જતું; તેઓ મનની અંદરના ભાવોને પણ સ્પર્શ કરે છે અને તેને ગ્રહણ કરીને બ્હાર લાવીને અહિંતહિં ફેલાવે છે. આ ક્રિયા વાયુમાં હંમેશાં રહેલી જ છે.

એટલા માટે જ જ્યાં સંતપુરૂષ રહેતા હોય છે ત્યાંનું વાતાવરણ શુદ્ધ અને અસંતોના નિવાસસ્થાનનું અશુદ્ધ મનાય છે. તીર્થોમાં એવા સંત જનો રહ્યા કરે છે. એને લઇને તે શુદ્ધ કરનાર મનાય છે.

જેવી રીતે મનમાં કદિપણ ખરાબ વિચારો ન લાવવા જોઇએ તેવી જ રીતે વાણીથી પણ ખરાબ શબ્દનું ઉચ્ચારણ ન કરવું જોઇએ. અશ્લીલ, અસત્ય, અહિતકર, વ્યર્થ, અપ્રિય, અપમાનજનક, ક્રોધભરી, દર્પપૂર્ણ, નાસ્તિકતાનું સમર્થન કરનારી, ભય તથા અભિમાનથી ભરેલી વાણી કદિપણ નહી બોલવી જોઇએ. એવી વાણીનું ઉચ્ચારણ કરવાથી ત્યાંનું વાયુમંડળ દૂષિત થઇ જાય છે. જેને અનુલક્ષીને એવી વાણી બોલવામાં આવે છે તેના ઉપર ખરાબ અસર થાય છે; એટલુંજ નહી પણ જ્યાં સુધી તે ધ્વનિ પહોંચે છે ત્યાં સુધીના પ્રાણીઓના મન ઉપર તેની ખરાબ અસર થાય છે. જેવી રીતે શૂરતાની વાણીથી મનુષ્યમાં શૂરતા આવે તેવી જ રીતે કાયર માણસોની ભયભરી વાણી મનુષ્યોને કાયર બનાવે છે. રણવાદ્ય અને ચારણોની જુસ્સાભરી કવિતાઓ અને સંતોની વૈરાગ્યભરી વાણીનો અદ્ભુત પ્રભાવ પ્રત્યક્ષ જોવામાં આવે છે.

એવી જ રીતે શરીરથી—કોઇપણ ઇન્દ્રિઓથી એવી એક પણ ચેષ્ટા ન કરવી જોઇએ કે જે વાતાવરણને દૂષિત બનાવનારી હોય. મતલબ એ છે કે મનને હંમેશા શુદ્ધ સંકલ્પો અને સદ્વિચારોથી ભરેલું રાખો, વાણીદ્વારા હમેશાં સત્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિતકર, મધુર, ઉત્તમ વચનો બોલો અને શરીરથી સર્વદા–સર્વથા ઉત્તમ ક્રિયા કરો. એમાં જ આપણું પોતાનું તથા જગતનું હિત રહેલું છે.

એજ રીતે જ્યાં એવા શુદ્ધ મન, વાણી અને શરીરવાળા સજ્જન મહાનુભાવ રહેતા હોય તેમની પાસે જ રહો અને તેમનોજ સંગ કરો. ખરાબ વાતાવરણ પેદા ન કરો તેમજ ખરાબ વાતાવરણમાં નિવાસ પણ ન કરો.

જે પોતાના મનમાં વૈરની ભાવના રાખે છે તે જગતમાં પોતાનો વૈરી ઉત્પન્ન કરે છે; જે પ્રેમનો સંકલ્પ કરે છે તે પ્રેમીઓની સંખ્યા વધારે છે; જે ભોગોમાં મન લગાડે છે તે ભોગોમાં રચ્યોપચ્યો રહે છે. જેના મનમાં શુરવીરતા હોય છે તે શુરવીરતાનું વાતાવરણ પેદા કરે છે, જે કાયર હોય છે તે કાયરતા ફેલાવે છે, જે ભકત હોય છે તે ભકત પેદા કરે છે, જે અભકત હોય છે તે નાસ્તિકતા ફેલાવે છે. જે ભયથી કંપે છે તે આસપાસ ભયનો વિસ્તાર કરે છે, જે નિર્ભય રહેતો હોય છે તે બધાને નિર્ભય બનાવે છે, જે સુખી હોય છે તે જગતને સુખી કરે છે. જે દિવસરાત શોક, દુઃખ, અને વિષાદમાં ડુબ્યો રહે છે તે સર્વને એજ ચીજો આપે છે; અને જે ભગવાનમાં પ્રેમ રાખે છે તે ભગવત્પ્રેમીઓની સંખ્યા વધારે છે. એટલા માટે જ સઘળા વિષયોને દૂર કરીને ભગવત્ પ્રેમથી હૃદયને ભરી મુકો, કદાચ એ શકય ન હોય તો મનમાં હંમેશાં આદર્શ સાત્ત્વિક શુદ્ધ વિચારોનું પોષણ કરો અને તેને જ વધારો. એમ કરવાથી તમારી આસપાસનું વાતાવરણ સાત્ત્વિક બની જશે. સાત્ત્વિક વિચારોની વૃદ્ધિ થતાં તમારી સંકલ્પશક્તિ વધી જશે અને પછી તમે તમારા સદ્વિચારોને ખૂબ દૂર પહોંચાડીને બધા લોકોને સાત્ત્વિક બનાવી શકશો. તમે સુખી બનશો એટલુંજ નહીપણ કોઇપણ જાતના ઉપદેશ–આદેશ વગર જગતને સુખી બનાવવામાં તમારો ફાળો આપી શકશો.

સાત્ત્વિક અને શુદ્ધ વિચાર આ છે–અહિંસા, સત્ય, શૌચ, દયા પ્રેમ, દાન, ક્ષમા, સંયમ, ત્યાગ, વૈરાગ્ય, નિરભિમાનતા, એકાન્તપ્રિયતા, કોમલતા, સરલતા, નમ્રતા, સેવાભાવ, સહિષ્ણુતા, પરધર્મ પ્રત્યે સન્માન, દ્વેષહીનતા, સમતા, સંતોષ, ગુણગ્રાહકતા, દોષદષ્ટિનો અભાવ, મિત્રતા, મમતા, અહંકારનો અભાવ, માન–મહતાની અનિચ્છા, સર્વભૂતહિત, અને પ્રભુ પરાયણતા વગેરે વગેરે.

બસ, મન, વાણી તથા શરીરને સાવધાની તથા એકાગ્રતાપૂર્વક એ સઘળા સદ્ગુણો તથા સત્સંકલ્પોને વધારતા રહો, પોતે તરી જશો અને અસંખ્ય પ્રાણીઓને તારવામાં સહાયક બનશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# લાંબુ આયુષ્ય અને નિરોગી જીંદગી.

( લે૦ પ્રભુદાસ બેચરદાસ પારેખ. )

**૧. યોગ્ય ખોરાક, યોગ્ય આરામ અને મનની પરમ પવિત્રતા એ ત્રણ તેનાં આધારસ્થંભ છે.**

**૨. યોગ્ય ખોરાક:—**

૧ ઉત્તમ ખોરાક—ગાયનાં ઘી, દૂધ, અન્ન અને ઉત્તમ ફળો.

૨ ખાવાનો વખત—પચ્યું હોય તો જ ખાવું.

૩ ખાવાનું પ્રમાણ—ઉત્તમ ખોરાક પણ પોતાની જરૂરીઆત કરતાં વધારે કે ઓછો લેવાથી ઉપરનાં ત્રણે થાંભલાં ડગમગી ઉઠે છે; માટે પોતાની પ્રકૃતિ પ્રમાણે જ યોગ્ય પ્રમાણમાં ખોરાક ખાવો.

૪ ખોરાક પચ્યો એટલે કે—તેમાંથી શરીરનાં તમામ તત્ત્વો યોગ્ય પ્રમાણમાં અને શુદ્ધ રીતે ઉત્પન્ન થયાં એ અર્થ છે.

૫ ખોરાક એટલે—જેમાંથી સારા પ્રમાણમાં શુદ્ધ લોહી વિગેરે બને તે સાચો ખોરાક.

૬ ખોરાક ખાવાની રીત—પાચનશક્તિને અનુકૂળ પકવેલો ખોરાક રીતસર ચાવીને ખાવાથી તેનો પરિણામ સારો થાય છે. મરચાં વગેરે ગરમ પદાર્થો, ખાટાં તથા ખારવાળા પદાર્થો વધારે પ્રમાણમાં લેનારને વૃદ્ધાવસ્થા વધારે પ્રમાણમાં નજીક આવે છે. અલ્પઆહાર, અતિઆહાર, અયોગ્યઆહાર રોગનું કારણ છે. યોગ્ય આહારનું સામ્ય આરોગ્યનું કારણ છે.

૭ ખોરાકનાં યોગ્ય પરિણામનો આધાર તેના પ્રમાણમાં યોગ્ય શારીરિક મહેનત ઉપર છે.

૮ ખોરાકની અવ્યવસ્થાથી રોગો થાય છે, મનની પ્રસન્નતા જોખમાય છે અને જીંદગી કંટાળા ભરેલી બને છે.

**૩ યોગ્ય શારીરિક મહેનતઃ—**

૧ ફરવું, રમવું.

૨ જેમાં ઉઠવા-બેસવાનું વધારે થાય તેવા કામો કરવા.

૩ તે ન બની શકે તો જેમ બને તેમ ઉભા રહેવાથી પણ યોગ્ય પ્રમાણમાં શારીરિક મહેનત મળે છે.

૪ શરીરની શક્તિ કરતાં વધારે લેશમાત્ર શારીરિક મહેનત ન કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ આખા દિવસની અંદર એકંદર ઉપરના પ્રયત્નોથી મળેલી શારીરિક મહેનતના પ્રમાણમાં સારો ખોરાક લઇ શકાશે.

૪ અતિનિદ્રાથી, દિવસે નિદ્રા કરવાથી કે રાત્રે નિદ્રા પ્રમાણુસર ન લેવાથી પાચનશક્તિ બગડે છે.

૫ મન પવિત્ર રાખવાનાં સાધનોઃ—

૧ ઉત્તમ સોબત.
૨ કોઇપણ કાર્યમાં મશગુલપણું.
૩ ઉત્તમ આહાર.
૪ ઉચિત શારીરક મહેનત.
૫ આરામ ( ઉંઘ ).

૧ ઉત્તમ:સોબતઃ—દેવ, ગુરુ અને ધર્મનું આલંબન, શાસ્ત્રમનન, પવિત્ર વ્યક્તિઓનો સહવાસ.

૨ કાર્યમાં મશગુલપણુંઃ—નવરા અને આળસુ ન થવું, નકામા કામો અનર્થદંડરૂપનાં ન કરવા, કાર્યકુશળ થવું, અકાર્યકુશળ ન થવું, કાંઈ ને કાંઇ કામમાં સતત લાગ્યા રહેવું.

૩ મનની પવિત્રતા ખળભળવાથી પણ દીર્ઘ આયુષ્ય ભોગવવાનાં ત્રણ થાંભલા ડગમગી ઉઠે છે, રોગો થાય છે, આરામ અને શાંતિનો નાશ થાય છે.

૪ ઉત્તમ ( સાત્વિક ) અને યોગ્ય પ્રમાણુમાં ખોરાક લેનારને રોગો થતા નથી, મન અને શરીરમાં એક જાતની ઠંડક અને શાંતિ દાખલ થાય છે, મન પ્રસન્ન અને પવિત્ર રહે છે, મગજ શાંત રહે છે, કામ કરવાનું જ મન થાય છે, નવરા રહેવું ગમે જ નહિં. ધર્મ અને પવિત્ર જીવન વધારે ગમે છે, અવાજ સુંદર થાય છે, પ્રભાવ સારો પડે છે, શરીરમાં કાંતિ વધે છે, પુરુષાર્થ જીવન વ્યતીત થાય છે, નમાલાપણું દૂર થાય છે, કષાયો મંદ થાય છે, શક્તિ અને તેજ વધે છે, બ્રહ્મચર્ય સુલભ થાય છે, દરેક ઇંદ્રિયોમાં પાવર વધે છે, એટલે કે આંખોમાં તેજ વધે છે, નાક, કાન, જીભ વગેરેની શક્તિઓ વધે છે, અને તેમાં સંયમશક્તિપણુ કેળવાય છે.

૫ તપશ્ચર્યાઃ—ઉપરનાં ત્રણે સ્તંભોમાં ઉત્પન્ન થયેલ અવ્યવસ્થા દૂર કરે છે અને તે પ્રમાણે અવ્યવસ્થા દૂર કરવી. શરીર, વાચા અને મન તથા આત્માને પવિત્ર કરે તે તપશ્ચર્યા અને એવી બાહ્ય તપશ્ચર્યાથી આયુષ્ય લંબાય છે અને જીવન પવિત્ર થાય છે.

૬ ઉપરનાં નિયમો પાળનારને હવા, પાણી, મલેરિયા કે એવું કાંઇ ખાસ કરીને નડતું નથી; પરંતુ ઉપરનાં નિયમોમાં ખામીઓ ઘણા વખતથી રાખી હોય તેને જ એ તત્ત્વો એકાએક સપડાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " દ્રવ્યગુણપર્યાય વિવરણ "

લેખક. શંકરલાલ ડાહ્યાભાઇ કાપડિયા.

( અનુસંધાન પુ. ૩૦ માના અંક સાતમાના પૃષ્ઠ ૧૬૦ થી શરૂ )

## નયાધિકાર. *

પ્ર૦ નયોનું નિરૂપણ એટલે શું ?

ઉ૦ વિચારોનું વર્ગીકરણ.

પ્ર૦ નયવાદ એટલે શું ?

ઉ૦ વિચારોની મિમાંસા.

પ્ર૦ નયની વ્યાખ્યા દૃષ્ટાંત સહિત કહો.

ઉ૦ વિરોધી દેખાતા વિચારોના વાસ્તવિક અવિરોધનું મૂળ તપાસનાર અને તેમ કરી તેના વિચારોનો સમન્વય કરનાર ન્યાય. દાખલા તરીકેઃ– આત્મા એક છે એમ પણ કહેવાય છે તેમ અનેક પણ છે એમ પણ કહેવાય છે. હવે આ એકપણું અને અનેકપણું અરસપરસ વિરોધી છે. હવે આ વિરોધ વાસ્તવિક છે કે નહિ અને જો વાસ્તવિક વિરોધ ન હોય તો તેની સંગતિ શી છે? એ શોધનો નયવાદે એવો સમન્વય કર્યો છે કે વ્યક્તિની દૃષ્ટિએ આત્મતત્ત્વ અનેક છે પણ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિએ તે એક છે. આ પ્રમાણે નયવાદને પરસ્પર વિરોધી દેખાતાં વાક્યોનો અવિરોધ-એકવાક્યતા સાધે છે અને આ જ પ્રમાણે આત્માના વિષયમાં નિત્યપણા અને અનિત્યપણા તેમજ કર્તા અને અકર્ત્તાપણાના મતોનો અવિરોધ પણ નયવાદ ઘટાવે છે. આવા અવિરોધનું મૂળ વિચારકની દૃષ્ટિ-તાત્પર્યમાં રહેલું હોય છે. એ દૃષ્ટિને પ્રસ્તુત શાસ્ત્રમાં "અપેક્ષા" નામથી ઓળખવામાં આવે છે તેથી નયવાદ અપેક્ષાવાદ પણ કહેવાય છે.

પ્ર૦ જૈન દર્શનને નયવાદની જુદી પ્રતિષ્ઠા કરવાનું કારણ શું ?

ઉ૦ મનુષ્યની જ્ઞાનવૃત્તિ સામાન્ય અને અધુરી હોય છે અને અસ્મિતા

*નોટ—ઉપરનું લખાણ પંડિત સુખલાલજીકૃત તત્ત્વાર્થ સૂત્રમથી સાર રૂપે લીધેલું છે તેમ છેવટનો નૈગમ નયના ભેદનો ટુંક સાર દ્રવ્યગુણપર્યાયના રાસમાંથી આળેખ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિનિવેશ સામાન્ય અને ઘણી વિશેષ હોય છે; તેથી જ્યારે કોઈપણ બાબતમાં તે અમુક વિચાર કરે છે ત્યારે તે વિચારને છેવટનો અને સંપૂર્ણ માનવા તે પ્રેરાય છે. આ પ્રેરણાથી તે બીજાના વિચારને સમજવાની ધીરજ ખોઇ બેસે છે. છેવટે પોતાના આંશિક જ્ઞાનમાં સંપૂર્ણતાનો આરોપ કરી લે છે. આવા આરોપને લીધે એક જ વસ્તુ પરત્વે સામા પણ જુદા જુદા વિચારધરાવનારાઓ વચ્ચે અથડામણી ઉભી થાય છે અને તેને લીધે પૂર્ણ અને સત્યજ્ઞાનનું દ્વાર બંધ થઇ જાય છે. એક દર્શન આત્મા વગેરે કોઇપણ વિષયમાં પોતે માન્ય રાખેલ પુરૂષના એકદેશીય વિચારને જ્યારે સંપૂર્ણ માની લે છે ત્યારે તે જ વિષયમાં વિરોધીપણું યથાર્થ વિચાર ધરાવનાર બીજા દર્શનને તે અપ્રમાણ કહી અવગણે છે. આ રીતે બીજું દર્શન પહેલાંને એ જ રીતે અને બીજો ત્રીજાને અવગણે છે. પરિણામે સમતાની જગ્યાએ વિષમતા અને વિવાદ ઉભા થાય છે, તેથી સત્ય અને પૂર્ણ જ્ઞાનનું દ્વાર ઉઘાડવા અને વિવાદ દૂર કરવા નયવાદની પ્રતિષ્ઠા કરવામાં આવી છે અને તેથી સર્વ દર્શન કરતાં જૈન દર્શનની વિશેષતા છે.

પ્ર૦ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની દ્રષ્ટિઓ સમજાવો.

ઉ૦ જગતમાં નાની-મોટી બધી વસ્તુઓ એક-બીજાથી છેક જ અસમાન નથી જણાતી તેમજ એ બધી છેક જ એકરૂપ પણ નથી અનુભવાતી. એમાં સમાનતા અને અસમાનતા બંને અંશો દેખાય છે તેથી જ વસ્તુમાત્રને સામાન્ય વિશેષ-ઉભયાત્મક કહેવામાં આવે છે. માનવી બુદ્ધિ પણ ઘણીવાર વસ્તુઓના માત્ર સામાન્ય અંશ તરફ ઢળે છે તો ઘણી વાર વિશેષ અંશ તરફ ઢળે છે. જ્યારે તે સામાન્ય અંશગામી હોય ત્યારે તેનો તે વિચાર દ્રવ્યાર્થિકનય અને જ્યારે વિશેષઅંશગામી હોય ત્યારે તેનો તે વિચાર પર્યાયાર્થિકનય કહેવાય છે. બધી સામાન્ય દ્રષ્ટિઓ કે વિશેષ દષ્ટિઓ પણ એક સરખી નથી હોતી, તેમાં પણ અંતર હોય છે. એ જણાવવા ખાતર આ બે દૃષ્ટિઓના પણ ટુંકમાં ભાગો પાડવામાં આવ્યા છે અને દ્રવ્યાર્થિકનયના ત્રણ અને પર્યાયાર્થિકના ચાર એમ એકંદર સાત ભાગો પડે છે તે જ સાત નય છે. આ બન્ને નયો નીચેના સરળ દાખલાથી સ્પષ્ટ સમજાશે. " ગમે ત્યાં, ગમે ત્યારે અને ગમે તે સ્થિતિમાં રહી દરીયા તરફ નજર ફેંકતા જ્યારે પાણીનો રંગ, સ્વાદ, તેનું ઉંડાણુ કે છીછરાપણું, તેનો વિસ્તાર કે સીમા વિગેરે કોઇપણ તેની વિશેષતા તરફ ધ્યાન ન જાય અને માત્ર પાણી તરફ જ ધ્યાન જાય ત્યારે તે માત્ર પાણીનો સામાન્ય વિચાર કહેવાય અને તેજ પાણી વિષે દ્રવ્યાર્થિક નય. આથી ઉલટું જ્યારે રંગ, સ્વાદ વગેરે વિશેષતાઓ તરફ ધ્યાન જાય ત્યારે તે વિચાર પાણીની વિશેષતાઓનો હોવાથી તેને પાણી વિષે પર્યાયાર્થિક નય કહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકાય. જેમ પાણી તેમજ બીજી ભાૈતિક વસ્તુઓમાં પણ એ જ પ્રમાણે ઘટાવી શકાય. જુદા જુદા સ્થળ ઉપર ફેંકાયેલ એક જાતની પાણી જેવી બીજી અનેક વસ્તુ વિષે જેમ સામાન્યગામી અને વિશેષગામી વિચારો સંભવે છે તેમજ ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રિકાળરૂપ અપાર પટ ઉપર પથરાયેલ કોઇ એક જ આત્માદિ વસ્તુ વિષે પણ સામાન્યગામી અને વિશેષગામી વિચાર સંભવે છે. કાળ અને અવસ્થાભેદનાં ચિત્રો તરફ ધ્યાન ન આપતાં માત્ર શુદ્ધ ચેતના તરફ ધ્યાન અપાય ત્યારે તે વિષયનો દ્રવ્યાર્થિક નય કહેવાય અને એ ચેતના ઉપરની દેશકાળાદિકૃત વિવિધ દશાઓ તરફ ધ્યાન જાય ત્યારે તે વિષયનો પર્યાયાર્થિક નય સમજવો.

## નયનો પ્રથમ ભેદ નૈગમનય.

પ્ર૦ નૈગમ નય એટલે શું ?

ઉ૦ જે વિચાર લૌકિક રૂઢિ અને લૌકિક સંસ્કારના અનુસરણમાંથી જન્મે છે તેને નૈગમ નય કહેવાય છે. આ નૈગમ નય વિશાળ છે, કારણ કે તે સામાન્ય–વિશેષ બન્નેને લોકરૂઢિ પ્રમાણે કયારેક ગૌણભાવે તો કયારેક મુખ્યભાવે અવલેખે છે. દેશકાળના અને લોકસ્વભાવના ભેદની વિવિધતાને લીધે લોકરૂઢિઓ તેમજ તજ્જન્ય સંસ્કારો અનેક જાતના હોય છે, તેથી તેમાંથી જન્મેલો નૈગમ નય પણ અનેક પ્રકારો છે. નૈગમ–નૈકગમે એટલે જેમાં એક જ અર્થને ગ્રહણ નથી તે. તેમાંથી કકારનો લોપ થવાથી નૈગમ નામ થયું અર્થાત્ જે અનેક પ્રકારના પ્રમાણને માન્ય રાખે તે નૈગમ નય કહેવાય છે. તે નૈગમ નયના ત્રણ ભેદ છે.

પ્ર૦ નૈગમ નયના પહેલા ભેદનું નામ શું અને તે દ્રષ્ટાંત સહિત સમજાવો.

ઉ૦ નૈગમ નયનો પહેલો ભેદ ભૂતાર્થનૈગમ છે. એટલે જે ભૂતપદાર્થમાં વર્તમાનનું આરોપણ કરવા તત્પર રહે તે પહેલો ભૂતનૈગમ છે. દાખલા તરીકે શ્રી વીરપ્રભુ જોકે ચોથા આરાના અને દિવાળીના દિવસે મોક્ષે ગયા છે તો પણ વર્તમાનકાળે દિવાળીનો દિવસ આવે ત્યારે એમ પણ કહી શકાય છે કે, શ્રી વીરપ્રભુજી આજે દિવાળીના દિવસે મોક્ષે ગયા. આવા ભૂતકાળના વિષયમાં વર્તમાનકાળનું આરોપણ થયું. આરોપ જે પદાર્થમાં કાળાવચ્છેદનો વિચાર હોય તેમાં થઇ શકે છે; અર્થાત્ વર્તમાનકાળમાં ભૂતકાળનું સ્મરણ કરાવે તે ભૂતાર્થનૈગમ કહેવાય છે.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મુનિસંમેલન.

મુનિ સંમેલન વર્તમાન કાળને માટે જે ભરાય છે તે આવશ્કીય વસ્તુ જેમ છે, તેમ સમાજના ઉદ્ધાર માટે તેટલી જ જરૂરીયાતવાળી હોવા સાથે સાધુસંસ્થાનો પાયો મજબુત કરવા માટે માંગલ્ય સમય છે અને જૈન સમાજ માટે અપૂર્વ ઉત્તમ પ્રસંગ છે. જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે ભૂતકાળમાં તેવા પ્રસંગો ઉપસ્થિત થયેલાં છે તો તેની અત્યારે પણ તેટલી જ જરૂરીયાત ઉભી થયેલી છે, પરંતુ અત્યારે મુનિમહારાજોમાં જે ક્લેશ દ્રષ્ટિગોચર થાય છે, તે જોતાં તેની પ્રથમ ભૂમિકા શુદ્ધ કરવા માટે જે પ્રયત્નો આગળથી લેવાવા જોઇએ તે લીધા સિવાય આ ઉતાવળી તૈયારી હોય એમ સૌ કોઇને જણાય છે.

પ્રથમ સાધુ સમુદાયમાં જે વિરોધ ચાલુ છે તેનું તેની શાંતિ છેવટે (ઉપલક પણ) થયા સિવાય તેવા મુનિરાજો આ સંમેલનમાં ભેગા થઇ પરસ્પર વિચારની આપ–લે કેમ કરી શકશે ? તે પણ વિચારણીય પ્રશ્ન છે.

જે જે ગામના શ્રી સંઘોએ જે જે મુનિરાજોનો બહિષ્કાર કર્યો છે, તે તે શહેરના સંઘો પાસે તે બહિષ્કાર તે તે ગામના શ્રીસંઘોના સન્માન અને ગૌરવતા સાચવી ખેંચાવી લેવરાવવા જોઇએ, અને આમ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તે ગામના શ્રીસંઘે બહિષ્કાર કરેલા મુનિરાજોને અમદાવાદના શ્રીસંઘના નામે આમંત્રણ શી રીતે આપી શકશે ? કદાચ આપશે તો તે તે સંઘોના તે ઠરાવને માન્ય રાખનાર મુનિવરો કેમ આવી શકશે ? તે પણ પ્રશ્ન વિકટ છે. વળી એક શહેરના સંઘે કરેલો ઠરાવ બીજા શહેરના સંઘોને માન્ય ખરો કે નહીં ? તે સ્વાલ પણ આ પરથી ઉપસ્થિત થાય તો તેનું નિરાકરણ પણ જો નહિં થાય તો સંમેલન થવામાં પણ મુસ્કેલી હોવા સાથે ભવિષ્યમાં એક બીજા શહેરના સંઘો વચ્ચે પ્રેમભાવ નહિ રહેતાં, એક બીજાની ગણત્રી રહેશે નહિં અને ભવિષ્યમાં સાધુ કે કોઇ શ્રાવક ધર્મ વિરૂદ્ધ ગુન્હો કરશે તો તેના પર અંકુશ કે સંઘ સત્તા રહી શકશે નહિં અને ધર્મ વિરૂદ્ધ ગુન્હો કરનારનુ નિરંકુશપણું થશે જેથી આ વસ્તુ પ્રથમ નક્કી કરવાની જરૂર છે.

શ્રી સંઘસત્તા તો સર્વોપરી રહેવો જોઇએ એ અબાધિત સિદ્ધાંત છે; કારણ કે ધર્મના ધારા–ધોરણ જ્યારે જ્યારે પળાવવા હોય, ધર્મનું પ્રચારકાર્ય તીર્થ વગેરે માટે જ્યારે જ્યારે કરાવવું હશે, મુનિધર્મનુ સંરક્ષણ કરાવવાના પ્રસંગોએ તેમજ ધર્મ સામેના આક્રમણો સામે સામનો કરવો હશે ત્યારે ત્યારે સંઘસત્તા જ કામ કરી શકશે. અને શકે છે. દાખલા તરીકે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા બંધ કરવાના પ્રસંગે સંઘસત્તાએ જ કામ કર્યું હતું. તે વખતે મુનિરાજના સંમેલનથી નહોતું થયું. તે વખતે પ્રથમ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી હિંદુસ્તાનના શ્રીસંઘોને બોલાવી, પરસ્પર વિચારની આપ-લે કરી સંમેલન ભરી કરેલ ઠરાવનું મુનિરાજ અને શ્રાવકોએ બલ્કે આખા હિંદમાં જૈનોથી તેનું અપૂર્વ પાલન થયું હતું, તેમ આ વખતે પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી જ આવો પ્રથમ પ્રયત્ન થવો જોઇએ અને પ્રથમ દરેક શહેરના શ્રીસંઘના આગેવાનો–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સંઘોને બોલાવી મુનિ સંમેલનની તાત્કાલિક જરૂરીયાત જણાવી, સૌના પરસ્પર વિચારની આપ-લે કરી શ્રી શત્રુંજય યાત્રાબંધના પ્રસંગ માટે જેમ ધ્યેય નક્કી કર્યો હતો તેમ કરી, પછી નીમાયેલ સંઘની, સકળ હિંદની સભા કે કમીટીદ્વારા સર્વ મુનિરાજોને તે ધ્યેય જણાવી, તેઓશ્રીના પણ વિચાર જાણી, ( કયા મુદ્દા ઉપર મેળવવા જરૂર છે ) તે તે નક્કી કરી, સાથે જે જે ગામના સંઘોએ જે જે મુનિરાજોનો બહિષ્કાર કર્યો છે, તેનું પણ સમાધાન કરી નાખવું અને જે શહેરના સંઘોમાં સાધુઓના નિમિત્તથી બે વિભાગ પડ્યા હોય તેનું સાંત્વન કરી પછી મુનિ સંમેલન ભરવાની જરૂર છે. જેથી અત્યારે જે મિતિ નક્કી થઇ છે તેની મુદત વધારવા જરૂર છે. શેઠશ્રી આણંદજી કલ્યાણજી હિંદના શ્રીસંઘના સર્વોપરિ ગણાય છે અને સાધુ સંમેલન માટે તે જ પ્રયત્ન કરી શકે તે જેમ યોગ્ય અને કર્તવ્યનિષ્ઠ છે, તેમ સાધુસંમેલન અમદાવાદ શહેરમાં મળે તે પણ બીજા શહેરોની અપેક્ષાએ યોગ્ય જ છે છતાં કોઇ તીર્થમાં મળે તો તે પણ વિશેષ ઉત્તમ છે.

શેઠશ્રી આણંદજી કલ્યાણજી સિવાય અમુક જૈન ગૃહસ્થો કે મુનિરાજ મળી તેવો પ્રબંધ ખાનગી કરે અને તે પછી ખબર આપે તેમ ન થવું જોઇએ, કારણ કે સકળ હિંદના શ્રીસંઘનું આ કાર્ય છે, જેથી તેની મુદત લંબાવી પ્રથમ ઉપરોક્ત હિંદુસ્તાનના શ્રી સઘોને મેળવવા પ્રથમ જરૂર છે, સિવાય ઉતાવળ કરવામાં અમોને ભય એ રહે છે કે હાલ, મુનિમહારાજોમાં ( જેમ એક ઠામ-વાસણને તડ પડી ગયા જેવો જે અત્યારે કલેશ દેખાય છે તે ઉતાવળે સમેલન ભરતાં તે ઠામ તદ્દન ફુટી જતાં ) વિશેષ કલેશ ભવિષ્યમાં ન થાય અને અમદાવાદના જૈનબંધુઓનો આવો શુભ પ્રયત્ન છતાં મહેનત બરબાદ ન જાય તેમ ત્યાંના આગેવાન બંધુઓએ પણ વિચારવાની જરૂર છે.

કેટલાક અંશે સંમેલનના કાર્યની પણ જાહેરમાં ચોખવટ થવી જોઇએ. શું શું વિષય ચર્ચવાના છે ? શું ધ્યેય રાખેલ છે ? તે પણ પ્રગટ થવા જોઇએ. વળી શ્રીસંઘની સત્તાનો પણ સવાલ અત્યારે જેવો તેવો ઉપસ્થિત થયો નથી, જેથી તેની સત્તા બંધારણનો નવેસરથી નિર્ણય કરવાનો આ સમય છે, એ વગેરે વગેરેની દરેક ગામોના સંઘો સાથે મળી વિચારની આપ-લે કરી નિર્ણય કરી-તે જાહેર કરી પછી મુનિસંમેલન થાય તે યોગ્ય છે; તે સિવાય કરવા જતાં કોઇપણ બે ભાગમાં જો શ્રી સંઘો વહેંચાઇ જશે તો સાધુ સંમેલનના ઠરાવોની કશી કિંમત રહેશે નહિં. જેથી ગામે ગામના શ્રી સંઘોની પ્રતિનિધિ ધરાવતી જવાબદારીવાળી સંસ્થા આ સંમેલન ભરાયા પૂર્વે ઉભી કરવાની પ્રથમ ખાસ જરૂર છે, તેમ ન કરતાં જો મુનિરાજોનું સંમેલન અને શ્રી સંઘની સભા જુદી પાડી, શ્રી સંઘોની સત્તાને જે મહત્ત્વ આપવુ જોઇએ તે નહીં આપવામાં આવે તો, ભવિષ્યમાં મુનિઓ અને સમાજની સ્થિતિ વિશેષ કફોડી બનશે અને ફત્તેહ તો દૂર રહી પણ જનસમાજમાં જૈન કોમને વધારે હાંસીપાત્ર બનવું પડશે અને અમદાવાદના ગૌરવને ઉણપ લાગશે.

અમદાવાદને આંગણે મુનિ સંમેલન ભરાતું હોવાથી અને ત્યાંના જૈન બંધુઓનો જ પ્રયત્ન હોવાથી, ત્યાં ઘણા વિચારશીલ, બુદ્ધિમાન્ અને અનુભવી બંધુઓ છે તેઓ મુનિ-સંમેલન માટે ઉતાવળ ન કરતાં ભૂતકાળ અને વર્તમાન કાળની સ્થિતિ, બનાવો, પ્રકરણો, પ્રસંગો, અને પેપરોદ્વારા સંમેલન માટે આવતા જુદા જુદા લેખો એ બધા ઉપર પૂર્ણ વિચાર કરી જમાનો વર્તી મુનિ સંમેલન ભરે એ નમ્ર સૂચના કરીએ છીએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો વિહાર.

આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્ય પરિવાર સહિત વિહાર કરતાં બોટાદથી વઢવાણ શહેર શ્રીસંઘના આગેવાનોના આગ્રહથી વઢવાણ શહેરમાં પધાર્યા. શ્રી સંઘે અપૂર્વ સ્વાગત કર્યું. બપોરે લાલજીની ધર્મશાળામાં વ્યાખ્યાન આપ્યું. વ્યાખ્યાનમાં સ્ટેટના મુન્સફ શ્રીયુત ગીરધરલાલભાઇ દવે તેમજ હેડમાસ્તર તથા કોઠારી મણીભાઇ વિગેરેની હાજરી ઘણી જ આકર્ષક હતી. વ્યાખ્યાન સાંભળી અમલદારવર્ગે બહુ જ ખુશાલી પ્રગટ કરી અને રહેવા માટે આગ્રહ કર્યો. શ્રીસંઘના આગ્રહથી બીજે દિવસે વ્યાખ્યાન કરી બપોરે કોઠારી મણીભાઇની તેમજ જોરાવરનગરના શ્રીસંઘના આગ્રહથી ત્યાં પધાર્યા, જ્યાં બે વ્યાખ્યાન થયા. અહીંથી વઢવાણ કેંપના શ્રી સંઘના અત્યંત આગ્રહથી સુંદર સ્વાગતપૂર્વક કેંપમાં પધાર્યા. વ્યાખ્યાન બાદ પ્રભાવના કરવામાં આવી. બપોરે જાહેર વ્યાખ્યાન થયું. આમંત્રણ પત્રિકા પ્રથમથી જ જાહેર થઇ ચૂકી હતી તેથી માણસોનો પ્રવાહ ટાઇમસર વ્યાખ્યાન શ્રવણ કરવા આવવા લાગ્યો. બે કલાક સુધી આચાર્ય મહારાજે પોતાની ઓજસ્વી અને હૃદયભેદક ભાષામાં વ્યાખ્યાન આપ્યું જેથી જાહેર જનતાએ પોતાનો ભારે હર્ષ પ્રગટ કર્યો ને વધુ રહેવા માટે આગ્રહભરી વિનંતીઓ થઇ. ધ્રાંગધ્રાના સંઘની વિનંતી આવી, આજુબાજુ ગામોના શ્રી સંઘની વિનંતીઓ આવી. બીજે દિવસે વ્યાખ્યાન સવારમાં થયું, બપોરે પૂજા ભણાઇ અને પ્રભાવનાઓ થઇ. સ્થિરતા માટે સંઘે મહારાજને વિનંતી કરી. આચાર્યદેવે જૈન હાઇસ્કુલ અને બોર્ડિંગ માટે સચોટ ઉપદેશ આપ્યો, જે સાંભળી શ્રીસંઘના આગેવાનોએ કાર્ય કરવા માટે પોતાનો ઉત્સાહ પ્રગટ કર્યો. આશા છે કે આગેવાનો થોડા જ સમયમાં પોતાનું ધારેલું કાર્ય કરી બતાવશે. અત્રેથી વિહાર કરીને આચાર્ય મહારાજશ્રી સપરિવાર ત્યાંથી રાજપર આવીને રહ્યા. વઢવાણ કેંપથી દશ-બાર આગેવાનો તેમજ હાઇકાર્ટના વકીલ શ્રીયુત જાદવજીભાઇ દર્શન માટે આવ્યા. જાદવજીભાઇએ આચાર્ય મહારાજની સાથે તાત્ત્વિક વિષય ઉપર ઘણીવાર સુધી વાતચીત કરી. વકીલ સાહેબ આચાર્ય મહારાજના શાંત ને અસરકારક ઉત્તર સાંભળી બહુ જ પ્રસન્ન થયા. વઢવાણકેંપથી વિહાર કર્યો ત્યારે સૂરિજીએ માંગલિક સંભળાવતા પહેલાં ફરીને ગરીબ જૈનોના બાળકોના ઉદ્ધાર માટે તેમજ શિક્ષણ માટે, ધાર્મિક કેળવણી માટે સચોટ શ્રીસંઘને ઉપદેશ આપ્યો જેની અસર ઘણી જ સારી શ્રીસંઘ ઉપર પડી હતી. રાજપરથી વિહાર કરી લખતર આવ્યા અને બપોરે પૂજા મંદિરજીમાં ભણાઇ. અહીંથી દસ માઇલ ઢાંકી આવ્યા. અહીં શ્રાવકનું એક જ ઘર છે, પરંતુ મગનભાઇ તેમજ લોહાણા વાણીયાના ઘરો સારા છે. આહારપાણી બરાબર મળી જાય છે. અત્રે અમદાવાદથી ઉજમબાઇની ધર્મશાળામાં ઉતરવા માટે વિનંતી કરવા કેટલાક આગેવાનો આવ્યા અને આગ્રહયુક્ત વિનંતી કરી. આચાર્ય મહારાજે 'જેવી ફરસના, જ્ઞાનીએ દીઠું હશે ત્યારે જોઇ લેવાશે, વર્તમાનજોગ' ઉત્તર આપ્યો અને સાથે જણાવ્યું કે પાટણથી પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજને તેમજ શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજને જઇને વિનંતી કરો. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યો પધારશે ત્યારે હું પણ આવવા તૈયાર છું. આ ઉત્તર સાંભળી આવનાર આગેવાનોને ભારે સંતોષ થયો. અહીંથી વિહાર કરી બાર માઇલ હેબતપર અને સાત માઇલ વીરમગામ આવ્યા. બપોરે વિહાર કરી કોકટા આવ્યા. અહીંથી વિહાર કરી નવ માઇલ રામપુરા આવ્યા. વ્યાખ્યાન સૂરિજીએ આપ્યું. બીજે દિવસે ભોયણીજી આઠ માઇલ આવ્યા. અત્રે તીર્થયાત્રા સાથે સૂરિજીના દર્શન માટે અમદાવાદથી, પાટણથી અને પાલનપુરથી અનેક ધાર્મિક શ્રાવકો આવ્યા. અત્રેથી વિહાર કરી જોટાણા આવ્યા. બીજે દિવસે વિહાર કરવો હતો પરંતુ શ્રી સંઘના આગ્રહથી રહેવું પડ્યું. વ્યાખ્યાન થયું. કટોસણ સ્ટેટના મેનેજર શ્રીયુત જેઠાભાઇ તેમ જ ડોકટર ચીમનભાઇ, તથા પાટણથી દસ–બાર ભાઇઓ દર્શન માટે આવી પહોંચ્યા. મેનેજર સાહેબે અને ડોકટર સાહેબે રહેવા માટે ઘણો જ આગ્રહ કર્યો. બપોરે વિહાર કરી બોરીઆવી આવ્યા. બોરીઆવીથી વિહાર કરી મેસાણા આવ્યા. શ્રીસંઘ એક માઇલ સુધી સામે આવ્યો. સામૈયું કરી મહારાજને શહેરમાં લઇ ગયા વ્યાખ્યાન આપ્યું. અત્રે પાટણથી કેટલાક ભાઇઓ દર્શન માટે આવ્યા. ઉંઝાથી તેમજ ઉનાવાથી શ્રી સંઘના આગેવાનો વિનંતી કરવા આવ્યા. શ્રી સંઘની વિનંતીને માન આપી બીજે દિવસે વિહાર કરી દેવું આવ્યા. શ્રી સંઘે સામૈયું કર્યું. અત્રે ઉનાવાનિવાસી કેટલાક શ્રાવકો આચાર્યમહારાજની સાથે મેસાણાથી આવ્યા. અહીંથી વિહાર કરી આચાર્ય મહારાજ સાહેબ સપરિવાર ઉનાવા પધાર્યા. શ્રી સંઘે ભારે ઉત્સાહથી સૂરિજીનું સ્વાગત કર્યું. વ્યાખ્યાન સાંભળી પ્રભાવના લઇ શ્રી સંઘ પોતાના સ્થાને ગયો અને રહેવા–રોકાવા માટે અત્યંત આગ્રહ કર્યો.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સપરિવાર ઉનાવાથી ઉંઝા પધારતાં સ્થાનિક શ્રીસંઘ એક માઇલ સુધી સામે લેવા આવ્યો હતો. બેંડથી સૂરિજીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. બાદ સૂરિજી ઉપાશ્રયે આવતા એક કલાકસુધી પ્રાસંગિક ઉપદેશ આપ્યો હતો. સૂરિજીને વધુ રહેવા માટે રાત્રે શ્રીસંઘ મળી વિનંતિ કરવા આવ્યા હતો પરંતુ પાલનપુર પહોંચવાની તાકીદ હોવાથી બીજે દિવસે વિહાર કરી સિદ્ધપુર પધાર્યા. અત્રે ઉંઝાના કેટલાક ગૃહસ્થો દર્શન માટે આવ્યા. સિદ્ધપુરથી વિહાર કરી મજાદર થઇ ઉમ્મરદશી આવ્યા. અત્રે પાલનપુરના નગરશેઠ ચીમનભાઇ દર્શન માટે આવ્યા હતા. બીજે દિવસે સપરિવાર સૂરિજીએ પાલનપુર તરફ વિહાર કર્યો. શહેરમાં સૂરિજીના આગમનની પ્રથમ જ ખબર પડી ગઇ હતી તેથી કેટલાક ભાઇઓ બે માઇલ સુધી સામે આવી ગયા. આ બાજુ પાટણથી પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ તથા શ્રી મિત્રવિજયજી, વસંતવિજયજી, રવિવિજયજી વિહાર કરી જીગણા આવી રહ્યા હતા. તેઓ સૂરિજીને રસ્તામાં રેલની સડક ઊપર મળી ગયા. શહેરમાંથી શ્રીસંઘની સાથે પૂજ્યપાદ પંન્યાસજી શ્રી ઉમંગવિજયજી મહારાજ સશિષ્ય પરિવાર, પંન્યાસજી શ્રી કસ્તુરવિજયજી સપરિવાર તેમજ શ્રી બુદ્ધિસાગરસૂરિજીના શિષ્ય કીર્તિસાગરજી સપરિવાર મુનિવરો આવીને સૂરિજીને મળ્યા. શ્રીસંઘ સૂરિજીના દર્શન કરી ભારે આનંદિત થયો. સ્વાગત માટે વડોદરાથી સ્વયંસેવકનું બેંડ આવ્યું હતું. શહેરના મોટા મોટા રસ્તાઓમાં ફરી સામૈયું ડાહ્યાભાઇના ઘર આગળ આવતાં સપરિવાર ડાહ્યાભાઇએ ને લહેરૂભાઇએ સૂરિજીને ભાવપૂર્વક વધાવ્યા હતા. સ્વાગતનું સરઘસ મોટા મંદિરે દર્શન કરી ઉપાશ્રયે આવતા સૂરિજીએ માંગલિક સંભળાવ્યું. બાદ શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી અને વિજયમુહૂર્તમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂરિજીના પુનિત હાથે કુંભસ્થાપના કરવામાં આવી. વ્યાખ્યાન નિયમિત ચાલે છે અને શ્રીસંઘ આનંદથી લાભ લઇ રહ્યો છે.

સ્થાન સ્થાનપર સૂરિજીના વ્યાખ્યાનો અને જાહેર ભાષણો સાંભળી જૈન જૈનેતરોમાં ભારે જાગ્રતિ ફેલાઇ છે તેમજ સત્ય માર્ગની જાણ થતી ગઇ છે. સૂરિજીના જાહેર ભાષણોએ તો કાઠીયાવાડમાં અજબ ચૈતન્ય આણ્યું છે. સ્થિતિચુસ્તોને તો હચમચાવી મૂકયા છે. રૂઢીપૂજકોના હૃદયમાં ભારે ખળભળાટી મચી ગઇ છે. સૂરિજીના નામથી કેટલાક દ્વેષીઓએ જે ગેરસમજણ ફેલાવી દીધી હતી તે સૂરિજીના અમોઘ અને સત્યપૂર્ણ વ્યાખ્યાનો–ભાષણો સાંભળી જનતા સમજવા લાગી છે અને ખોટા મનકલ્પિત–કપોલ કલ્પિત ગેરસમજણ ફેલાવનાર–કહેનારને ધિક્કારી રહી છે, જ્યાં સુધી સમયધર્મનો સૂર્ય ઝળહળતો નથી પ્રકાશ્યો ત્યાં સુધી જ સ્વાર્થીઓ પોતાના સ્વાર્થ પુર્ણ કરવા મનમાન્યા ગપોડા ફેલાવી રહ્યા છે. હવે ઝળહળતા સૂર્યના પ્રકાશથી જનતા સમજતી થઇ છે અને સત્ય માર્ગ શું છે તેનો પુરેપુરો વિચાર કરી રહી છે. આચાર્ય મહારાજના કાઠીયાવાડમાં અલ્પ વિહારથી સ્થિતિચુસ્તોની દિવાલો તુટવા લાગી છે અને દુઃખના માર્યા આડાઅવળા બાચકા ભરી પોતાના દિવસો નિર્ગમન કરી રહ્યા છે. આચાર્ય મહારાજ યદિ થોડો વખત કાઠીયાવાડમાં વધુ રોકાત તો ભારે લાભ થાત અને ધર્મના નામે ફેલાવેલો ભ્રમ જનતામાંથી સર્વથા નીકળી જાત. હજુ અમ્હારા કાઠીયાવાડ તરફથી સૂરિજીને નમ્ર વિનંતી છે કે પંજાબ જવા પહેલા એક ચાતુર્માસ કાઠીયાવાડમાં કરવા કૃપા કરશે તો મોટો ઉપકાર થશે. સૂરિજી મહારાજ આ વિનંતી ઉપર જલદી ધ્યાન આપશે એવી આશા છે. જામનગરના શ્રી સંઘની વિનતી ઉપર શું વિચાર કર્યો? સૂરિજી કાઠીયાવાડના આંગણે કયારે પધારશો? ( મળેલું )

## કુદરતનો પ્રકોપ અને આપણું કર્ત્તવ્ય.

તા. ૧૫ થી તા. ૨૦–૧–૩૪ સુધીમાં બંગાળ, બિહાર અને ઓરીસાના મોંઘીર, મુઝફરપુર વગેરે સુંદર અને વેપારસમૃદ્ધિથી માતબર શહેરો–ગામો કે જ્યાં ભૂતકાળમાં જૈનોની બ્હોળી વસ્તી અને જૈન ધર્મનો વાવટો ફરકી રહ્યો હતો, એટલું જ નહિં પણ તીર્થંકર ભગવાનોના કેટલાક કલ્યાણકોના ગણાતી પવિત્ર ભૂમિમાં આજે શેષ માત્ર ભૂમિ રહેલ છતાં ત્યાં કુદરતે કહેર વર્તાવ્યો છે. શહેરો નાશ પામ્યા છે, હજારોની સંખ્યામાં મનુષ્યો, પશુઓ વગેરે ધરતીકંપથી જમીનદોસ્ત મકાનો થતાં વગરમોતે મૃત્યુશરણ થયા છે. શહેર જંગલ બની ગયેલ છે. કરોડો રૂપીઆનું મિલ્કતોને પણ નુકશાન થયું છે તેટલું જ નહિં પરંતુ બચી ગયેલ મનુષ્યો તો કડકડતી થંડીમાં મુશ્કેલીભરી સ્થિતિએ જંગલમાં પડ્યા છે. આજુબાજુના ગામડાંઓની સ્થિતિ પણ અતિ વિષમ છે. એ ધરતીકંપે શું શું પાયમાલી નહિં કરી હોય તે પુરતી તપાસ નહિં થઇ શકવાના કારણથી તેની કલ્પના થઇ શકતી નથી. ન્યુસપેપરદ્વારા મળતાં સમાચારથી દરેક મનુષ્યના હૃદય કંપે છે. વાંચી–સાંભળી હૃદય દ્રવે છે. મદદનું કાર્ય શરૂ છે. હિંદના દરેક મનુષ્યને પોતાનો યથાશકિત ફાળો કે સેવા આપવાની ખાસ અગત્ય છે. કુદરતના કોપ સામે મનુષ્યનું ગજુ નથી છતાં પરમાત્માની પ્રાર્થના કરવી કે તેવો દુઃખદ, ભયંકર, આફતકારક સમય કોઈ દેશ કે મનુષ્યને ન બતાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી કેસરીયાજી પવિત્રતીર્થ.

આપણી નિર્બળતા કહો કે આંતરિક કલેશ કહો કે પુરતી શક્તિનો અભાવ કહો, પણ ગમે તે કારણથી હાલમાં એક પછી એક તીર્થ-આપણા પૂર્વજોનો અમૂલ્ય અને પવિત્ર વારસો ગુમાવતા જઇએ છીએ. હાલમાં શ્રી કેસરીયાજી તીર્થ માટે સાંભળવામાં આવતા ખબરોથી આપણા હાથમાંથી તે પણ ચાલ્યું જાય છે, છતાં તે સંબંધી થોડી ઘણી મારવાડમાં હીલચાલ સિવાય સમાજમાં કંઇપણ હિલચાલ થતી હોય તેમ બીલકુલ જણાતું નથી. આ માટે ખરી હીલચાલ તો પ્રથમ દર્શને શેઠ શ્રી આણંદજી કલ્યાણજી અમદાવાદ તરફથી જ થવી જોઇએ, તે કેમ મૌન છે તે પણ જણાતું નથી. કદાચ માનો કે તે કોઇ સંજોગમાં તે માટે તેઓશ્રીનો પ્રયત્ન શરૂ છે તો જૈન સમાજને આ તીર્થ જતું હોવાથી થતાં ખેદ માટે શેઠ આણંદજી કલ્યાણજી તરફથી સામાન્ય રીતે જણાવવું જોઇએ. તે ગમે તેમ હોય પરંતુ શ્રી વિજયશાંતિસુરિજી મહારાજે તીર્થ નહીં જવા દેવા માટે પોતાનું બલિદાન ( ઘોષણા કરી છે કે ફાગણ શુદિ ૧૩ પહેલા જો કેસરીઆજીનો કંઇ નિવેડો નહિ આવે તો છેલ્લું હથીયાર અણશણવ્રત અંગીકાર કરી ) આપવાના છે. આજના મુનિ મહારાજાઓ માટે આ કસોટીનો પ્રસંગ છે. જાણવા પ્રમાણે ભૂતકાળમાં ધર્મ, તીર્થ વગેરે સામે આક્રમણ થતાં ત્યારે પોતાના અમૂલ્ય જીવનનો ભોગ અનેક મુનિમહારાજાઓએ આપેલ દ્રષ્ટાંતો મોજુદ છે. અમો આ મહાત્માને અધ્યાત્મવ્રત માટે વંદન કરીએ છીએ. અનેક ધન્યવાદ આપીએ છીએ. શાસનદેવો સૂરિજી મહારાજના આ અણશણવ્રતનો ચમત્કાર બતાવી તીર્થ માટે આક્રમણ દૂર કરે તેમ પ્રાર્થના કરીએ છીએ. જાણવા પ્રમાણે શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢાસાહેબે શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદ પેઢીને આ માટે યોગ્ય પગલાં લેવા જણાવ્યું છે. આચાર્ય શ્રી શાંતિવિજયજી મહારાજના અણશણવ્રતનો ઉગ્ર સમય ઉભો થયો છે તે વખતે જ સાધુ સંમેલન ભરાય તે દેખીતી રીતે યોગ્ય નથી, માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહક બંધુઓ આવા યોગી શ્રી શાંતિવિજયજી મહારાજના આત્મભોગના કટોકટીના અને વળી તે શ્રી કેશરીયાજી તીર્થ માટેના પ્રસંગે જૈન સમાજે પોતાનું શું કર્તવ્ય છે તે વિચારવાનું છે. અને સાધુ સંમેલનનો ભરવાનો પણ ટાઇમ તે લગભગ હોવાથી તેની મુદત લંબાવવાની ખાસ જરૂર અમો માનીએ છીએ. શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહકો બંધુઓ અને અમદાવાદના શ્રી નગરશેઠ આ બાબત માટે પુખ્ત વિચાર કરી તોડ ઉતારશે એમ અમોને વિશ્વાસ છે.

# સ્વીકાર-સમાલોચના.

**રાજનગરથી સમેતશિખર અને સ્પેશીયલમાં સાઠ દિવસ** — લેખક શ્રીયુત **મોહનલાલ દીપચંદ** ચોકસી. આ બુકમાં શ્રી સમેતશિખર તીર્થયાત્રા-પ્રવાસ વર્ણન છે. હાલમાં જુદા જુદા શહેરોમાંથી સ્પેશ્યલ રેલ્વે ટ્રેઇન મારફત સમેતશિખર યાત્રા માટે સંઘ કાઢવામાં આવે છે, તે જ રીતે અમદાવાદથી ગઈ સાલમાં યાત્રા માટે નીકળેલ સંઘનું વર્ણન આપવામાં આવેલ છે. લેખક બંધુએ આવી રીતે સંઘ લઈ જનાર કે તે રીતે સેવા કરનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે સંક્ષિપ્તમાં અનુભવસિદ્ધ હકીકત જણાવેલ હોવાથી એક ભોમીયા સમાન આ બુક થઇ પડે તેમ છે. આવી રીતે નીકળતા સંઘોમાં યાત્રા-પ્રવાસ વગેરેના વર્ણનો જેમ જનાર માટે ઉપયોગી છે તેમજ અમારા માનવા પ્રમાણે ભવિષ્યકાળમાં કેટલીક વખત ઇતિહાસને ઉપયોગી કાર્ય પણ થઇ પડે. આવી રીતે યાત્રા કરવા લઇ જનાર બંધુઓએ પણ લેખક બંધુનો આ પ્રયત્ન ઉપયોગી છે અને અનુભવ યુક્ત હકીકતોથી યોગ્ય હોઇ તે રીતે આવા તીર્થયાત્રા વર્ણનની બુકો પ્રગટ કરવી જોઇએ.

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર સમાધિમંદિર શ્રીમતી દીવાળીબાઇ જૈન વિદ્યોત્તેજક ફંડ**—વિજાપુર સંસ્થાનો સં. ૧૯૮૯ નો હિસાબ અને નિવેદન. બે વર્ષ થયા આ જ્ઞાનમંદિરની સ્થાપના થયેલી છે.વિજાપુરના જૈન બંધુઓએ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ પ્રત્યે આ ખાતાનો જન્મ આપી ગુરૂભકિત બજાવી છે. ત્રણે સંસ્થાની વ્યવસ્થા યોગ્ય છે. હિસાબ ચોખવટવાળો છે. કાર્યવાહકો ઉત્સાહી છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**શ્રી સુરત ધરમચંદ ઉમેદચંદ જૈન જીર્ણોદ્ધાર ફંડ**—પ્રગટકર્તા જીવણચંદ ધરમચંદ ઝવેરી. આ ફંડ ખાતે અત્યાર સુધીમાં રૂા. ૭૧૦૦૦ ની રકમ વ્યવસ્થાપૂર્વક ખરચવામાં આવેલ છે. આજે આ ફંડની સ્થાપનાને બત્રીશ વર્ષ થયેલ છે ને અત્યાર સુધીમાં તેણે તેના ઉદ્દેશ પ્રમાણે કાર્ય કરેલ છે. વ્યવસ્થા વહીવટ રીતસર ચાલે છે. સુરત અને સુરત જીલ્લાના ગામોમાં તેના ઉદ્દેશ પ્રમાણે લાભ આપવામાં આવે છે. દરવર્ષે રીપોર્ટ પ્રગટ થઇ મળે છે. હીસાબ યોગ્ય છે.

**વિજયનું રહસ્ય**—લેખક અને પ્રકાશક શાહ માવજી દામજી—મુખ્ય ધર્મશિક્ષક બાબુ. પી. પી. જૈન હાઇસ્કુલ-મુંબઇ ઉત્સાહસંપન્ન, અદીર્ધસૂત્રપણું ક્રિયાનિધિનું જાણુપણું, વ્યસનોથી દૂર રહેવું. શુરવીરપણું, કરેલા ઉપકારને જાણવો અને આદર્શ મિત્રપણું આ સાત સૂત્રો કે જે વ્યવહારમાં ગુણો છે તે કેળવવાથી મનુષ્ય લક્ષ્મી પ્રાપ્ત કરી શકે તે ઉપર લેખકે વિવેચન કરેલ છે. લેખક માવજીભાઇએ આવા લઘુ સરલ ગ્રંથો પ્રકટ કરી બાળસાહિત્ય હોવા છતાં સર્વને ઉપયોગી થાય તે રીતે પ્રકટ કરેલ છે જે આદરને પાત્ર છે. કિંમત બે આના.

**શ્રી જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ દવાખાનાનો સને ૧૯૩૨ ની સાલનો બીજો રિપોર્ટ અને હિસાબ**--અમદાવાદ જેવા પ્રવૃત્તિવાળા અને બ્હોળી સંખ્યામાં વસતા જૈનબંધુઓ માટે આવા જ્ઞાતિ દવાખાનાની જરૂરીયાત જૈનોના લતાવાળા ભાગમાં હતી તે તેના કાર્યવાહકોએ સ્થાપી ઓછા ચાર્જથી સારો લાભ અપાતો હોવાથી તે આશીર્વાદ સમાન થઇ પડેલ છે. આ વર્ષમાં સારી સંખ્યામાં લાભ લેવાયેલ છે વળી બાઇ ડોકટરની જરૂરીઆત પુરી પાડવામાં પણ આવેલ છે. નવા નવા સાધનો ગોઠવાતા જાય છે તેમ પણ રિપોર્ટ ઉપરથી જણાય છે. કાર્યવાહકો ઉત્સાહી અને સેવાભાવી છે. આવી પદ્ધતિ અને વ્યવસ્થાપૂર્વક ચાલતા આ દવાખાનાને માટે હવે જરૂરી ફંડ જલદીથી જ્ઞાતિ બંધુઓએ એકઠું કરી દેવાની જરૂર છે. અમદાવાદ શહેરમાં શ્રીમંત બંધુઓ ઘણા છે જેથી આ સેવાના કાર્યમાં આ સાલ પૂર્ણ થતાં પહેલાં તેના માટે એક સારૂં ફંડ એકઠું થઇ જાય તે માટે જૈનબંધુઓ પ્રબંધ કરે તેવી સૂચના કરીએ છીએ. હીસાબ ચોખવટવાળો અને વ્યવસ્થા યોગ્ય છે એમ રીપોર્ટ પરથી જણાય છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આબુજીની દાંતા સ્ટેટ તરફથી લેવાતો કર માફ થયો.

ઘણા વખતથી અંબાજી-કુંભારયાજીની યાત્રાએ જતા યાત્રાળુઓ પૈકી જૈન યાત્રાળુઓ પાસેથી પાસેથી આબુજીની યાત્રા બદલનો માથાદીઠ રૂા. ૦-૬-૦ છ આનાનો વધારાનો કર લેવામાં આવતો હતો. હાલમાં સુરતના દેવીભક્ત ઝવેરી અમીચંદ મોતીચંદે તે કર દાંતાના હાલના મહારાણા શ્રી ભવાનીસીંહજીને પ્રસન્ન કરી માફ કરાવ્યો છે.

સંઘ સેવાના આવા ઉમદા કાર્ય માટે માટે શ્રી સંઘ તરફથી અમે ઝવેરી અમીચંદભાઇને સહર્ષ ધન્યવાદ પાઠવીએ છીએ અને જેની પરનો આ વધારાનો કર ઉદાર રીતે માફ કર્યા બદલ ના. મહારાણાશ્રીનો પણ આભાર માનીએ છીએ. લી૦

પ્રતાપસિંહજી મોહોલાલભાઇ.
વહીવટદાર પ્રતિનિધી.
શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી.

---

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ.

આ માસિકના સુજ્ઞ ગ્રાહકોને આપવાની ભેટની બુક છપાય છે. લવાજમ પ્રથમ મોકલનારને વી. પી. ખર્ચનો બચાવ થાય છે. ભેટની બુકની સવિસ્તર હકીકત આવતે અંકે આપવામાં આવશે.

---

# નવા વર્ષના જૈન પંચાંગ.

**નવા વર્ષ સં. ૧૯૯૦ ની સાલના કાર્તકી જૈન પંચાંગ અમારા તરફથી છપાયેલ છે. જલ્દી મંગાવો. પાછળથી મળી શકતા નથી.**

**કીંમત અર્ધો આનો : સો નકલના રૂા. ત્રણ.**

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

## દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્ર-શબ્દાર્થ-ભાવાર્થ-અન્વયાર્થ સહિત.

દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં ઘણીજ વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં કે જેથી આ બુક પ્રમાણે દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુક અનેક વિષયો દાખલ કરી તૈયાર કરવામાં આવી છે. આ બુક ઘણી મોટી થયેલ હોવા છતાં કિંમત માત્ર નામની જ દશ આના તથા ટપાલખર્ચ ત્રણ આના રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઇને જ છે. મંગાવો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

હર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૬૦. માઘ. આત્મ સં. ૩૮. અંક ૭ મો.

## બુદ્ધિશાળી સામાન્ય માણસો.

" સામાન્ય માણસો તેમના વર્ગની અને વંશાનુગત સ્વભાવની મર્યાદાઓ કદિ પણ તોડી શકતા નથી. તેમનામાં એટલો પ્રાણ હોતો નથી. એ મર્યાદાઓની દીવાલો તોડવાને માટે જે હૃદયસામર્થ્ય જોઇએ તે તેમનામાં હોતું નથી. એક કોઇ નાના ઉપવનમાં, પોતાને માટે મુકરર થયેલા ક્ષેત્રમાં હરણીયું છલંગો લેતું હોય અને પોતાને ફરતી દીવાલોની કલ્પના સરખીયે કર્યા વિના પોતાનીએ છલંગો ઉપર પ્રીદા થતું હોય એવી દશા આ સામાન્ય માણસોની હોય છે. તેઓ સદા તેમને માટે નક્કી થયેલી સીમાઓની વચ્ચે જ કુદતા હોય છે તેની એમને ખબર જ નથી પડતી. તેમને એ સમજાવવું જોઇએ કે એ છલંગો નથી, પરંતુ એ એક પ્રકારનું નૃત્ય છે. છલંગો અંતર કાપે છે: છલંગો આદમીને માઇલોના માઇલ આગળ લઇ જાય છે: નૃત્ય તો આદમીને ત્યાંનો ત્યાં સ્થિર રાખે છે.

" જ્યારે બે યુગો અને બે ભાવનાઓ વચ્ચે અથડામણ થાય છે ત્યારે એ કાળમાં Intellectul Commoneres નો એક વર્ગ ઉભો થાય છે કે જે કોઇ સિદ્ધાન્ત વિના, કોઇ આદર્શ વિના, કોઇ જીવન દૃષ્ટિ વિના, સર્વના ગુણ ગાવાનું જ કામ કરે છે અને એ રીતે નવા બળોની ગતિમાં અંતરાયરૂપ બની જૂનવાણી વસ્તુ રચનાનો પક્ષકાર નીવડે છે. "

" કુલછાબ "

For Private And Personal Use Only